Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી

વર્ષઃ ૨૨ અંક ૫ઃ વીર સં. ૨૪૯૧, ફાગણ

## સંબોધન

૧. અરે જીવ ! નિજસ્વરૂપને નીહાળવા તું હજાર સૂર્ય જેવો થા.

૨. જો ચૈતન્યકો ધ્યાતા હૈ વો મોક્ષસુખકો પાતા હૈ.

૩. ચૈતન્યકિલ્લામાં બહારની કોઈ પ્રતિકૂળતાનો પ્રવેશ નથી.

૪. એકવાર આત્માનું વહાલ કર, ને જગતનું વહાલ છોડ.

૫. આત્મા નિજભાવને કદી છોડતો નથી, પરભાવને કદી ગ્રહતો નથી.


૬. મૂંઝાવાથી માર્ગ મળતો નથી, ધીરજ અને વિચારથી માર્ગ મળે છે.

૭. "સ્વાનુભૂતિનું સુખ જગતમાં સર્વોત્તમ છે."

૮. "રાગદ્વેષ કર્યો તે હાર્યો; શાંતિ રાખી તે જીત્યો."

૯. આ જગતમાં એવી કોઈ શક્તિ નથી કે જે વૈરાગી જીવને બાંધી શકે.

૧૦. કોઈ પણ વસ્તુનો નિજસ્વભાવ અપૂર્ણ ન હોઈ શકે.




## સીમંધર ભગવાનઃ સોનગઢ.

**ત્રણ ફૂટની અતિમનોજ્ઞ પ્રતિમાઃ જેની પ્રતિષ્ઠાને**

**આ ફાગણ સુદ બીજે પચ્ચીસમું વર્ષ બેઠું.**

# ભક્તામર-સ્તોત્ર

**‘ભક્તામર-સ્તોત્ર’ એ જૈનસમાજમાં સર્વપ્રસિદ્ધ છે; મુનિદશામાં ઝૂલતા માન- તૂંગસ્વામી જેવા એક આધ્યાત્મિકસન્તે કરેલી જિનેન્દ્રભગવાનની આ સ્તુતિમાં કેવા હૃદયસ્પર્શી અધ્યાત્મિકભાવો ભરેલા છે! તે જોઈને જિનેન્દ્રભક્ત-મુમુક્ષુનું હૈયું આનંદથી ડોલી ઊઠે છે. આ સ્તોત્ર જેટલું પ્રસિદ્ધ છે તેના પ્રમાણમાં એમાં રહેલા અધ્યાત્મભાવો ઓછા પ્રસિદ્ધ હતા; પૂ. શ્રી કાનજીસ્વામીએ આ સ્તોત્ર ઉપર પ્રવચનો કરીને એના અધ્યાત્મભાવો ખોલ્યાં છે. અધ્યાત્મરસ સહિતની જિનભક્તિ કેવી હોય,-ને ભગવાનના ખરા ભક્ત કેવા હોય,-તેનું વિશિષ્ટસ્વરૂપ આપણને આ પ્રવચનોમાં જોવા મળે છે.....જે ખરેખર ભક્તહૃદયને અતીવ આનંદિત કરે છે. અહીં એનો થોડો થોડો નમૂનો અવારનવાર આપતા રહીશું.**

**-બ્ર. હરિલાલ જૈન**

**ભક્તામર-સ્તોત્ર એ ભગવાન આદિનાથ તીર્થંકરની સ્તુતિ છે. ભગવાન ઋષભદેવ જાણે સમવસરણમાં સાક્ષાત્ બિરાજી રહ્યા હોય, દેવ-દેવેન્દ્રો આવીને તેમના ચરણોમાં ભક્તિથી મસ્તક ઝુકાવતા હોય, ને તેમની સામે ઊભા ઊભા પોતે ભાવભીની સ્તુતિ કરતા હોય! એવી રીતે શ્રી માનતુંગસ્વામીએ આ સ્તુતિ કરી છે. સ્તુતિમાં જિનેન્દ્રમહિમાનો અદ્ભુત ધોધ વહેવડાવ્યો છે.**

પ્રભો! આપનો આત્મા ચૈતન્યપ્રભાથી ઝળકી ઊઠયો છે, તેની ઝાંઈ જાણે નખમાંથી પણ ઊઠી રહી હોય–એમ નખની પ્રભા ઝળકી રહી છે. ને તેનાં કિરણ વડે ઈન્દ્રના મુગટના મણિ ઝગઝગે છે. દેવેન્દ્રના મુગટમણિનો મહિમા અમને નથી ભાસતો, અમને તો આપના નખની પ્રભાનો મહિમા ભાસે છે, આપના ચરણ પાસે ઈન્દ્રોનાં મણિ અમને ઝાંખા લાગે છે. જુઓ ઈન્દ્રના મુગટના મણિનો પ્રકાશ ભગવાનના નખ ઉપર પડે છે એમ ન કહ્યું પણ ભગવાનના નખનો પ્રકાશ ઈન્દ્રના મુગટ ઉપર પડે છે એમ કહીને ઈન્દ્રના મુગટ કરતાં ભગવાનના ચરણની મહત્તા બતાવી. હે નાથ! ઈન્દ્રનો મુગટ પણ આપના ચરણમાં નમે છે તેથી જ શોભે છે. તીર્થંકરના દિવ્ય રૂપની શી વાત! ઈન્દ્રોનું રૂપ પણ જેની

પાસે ઝાંખું પડી જાય–એવું તો એના દેહનું રૂપ! ત્યાં આત્માના અતીન્દ્રિયરૂપની તો વાત જ શી કરવી! કેવળજ્ઞાન ખીલી ગયું તેના મહિમાની શી વાત?.....સર્વજ્ઞની સ્તુતિમાં ભેગો આત્માનો મહિમા ઘૂંટાતો જાય છે, તે ખરી સ્તુતિ છે, ને તેનો જ ખરો લાભ છે.

હે નાથ! ઇન્દ્ર આપના ચરણોમાં નમે છે તેથી એમ એમ સમજીએ છીએ કે, રાગના ફળરૂપ ઇન્દ્રપદ કરતાં વીતરાગતાથી મળતું સર્વજ્ઞપદ જગતમાં શ્રેષ્ઠ અને આદરણીય છે. ચૈતન્યની ઉત્કૃષ્ટ વીતરાગ પદવી પાસે જગતના બધાય પદ તૂચ્છ ભાસે છે.

પ્રભો! અમારું મસ્તક આપના ચરણોમાં નમ્યું ને નમ્યું, તે હવે બીજાને કોઈ કાળે નમે નહીં. આપની ભક્તિના અવલંબનના બળવડે અમે ભવસાગરને તરી જશું એટલે કે વીતરાગભાવના ઘોલન વડે રાગને તોડીને સર્વજ્ઞતાને પામશું. તારી ભક્તિ કરતાં કરતાં અમેય તારા જેવા થઈશું. ભગવાન જેવો ભાવ પોતામાં પ્રગટ કરવો તે જ ભગવાનની પરમાર્થ સ્તુતિ છે.

પ્રભો! આપની સ્તુતિ કરતાં, આપની સર્વજ્ઞતાને જ્યાં અમે પ્રતીતમાં લઈએ છીએ ત્યાં તો મિથ્યાત્વના ટૂકડેટૂકડા થઈ જાય છે ને પાપનો સમૂહ છિન્નભિન્ન થઈને ભાગે છે.

જુઓ, આ ભગવાનના ભક્ત! સાચા ભાવથી ભગવાનની ભક્તિ કરવા જે ઊભો થયો તેની ભક્તિના રંગમાં ભંગ પડે નહિ; વીતરાગ સ્વભાવને ભૂલીને વચ્ચે રાગને તે કદી આદરે નહિ; બહારમાં લક્ષ જાય તો વીતરાગ અર્હંતદેવનો આદર ને અંદરમાં લક્ષ જાય તો વીતરાગી આત્મસ્વભાવનો આદર. એનાથી વિરુદ્ધ બીજા કોઈને તે આદરે નહિ; એટલે હવે વીતરાગસ્વભાવના આદરથી રાગને તોડીને વીતરાગ થયે જ છૂટકો.

ભક્ત કહે છેઃ પ્રભો! કેવળજ્ઞાનથી ખીલેલી આપની જ્ઞાનપ્રભાની તો શી વાત? આપના દેહની અને સમવસરણની શોભા પણ કોઈ દિવ્ય અચિંત્ય છે. આપના ચરણની દિવ્યપ્રભા પાસે ઇન્દ્રના મુગટમણિ અમને ઝાંખા લાગે છે. જગતનો વૈભવ અમને પ્રિય નથી, અમને તો આપના ચરણોની ભક્તિ જ પ્રિય છે. અહા, અંતમાં સર્વજ્ઞપણાને સાધતાં સાધતાં સાધકસન્તોને ભગવાન પ્રત્યે ભક્તિનો પ્રેમ ઉલ્લસ્યો છે. જેમ માતા પ્રેમવશ પોતાના પુત્રના ગાણાં ગાય તેમ અહીં ભગવાનમાં સર્વજ્ઞતા, વીતરાગતા વગેરે જે ગુણો પ્રગટયા છે તેની લગની લગાડીને, પરમ પ્રેમથી ભક્ત તેનાં ગાણાં ગાય છે. પોતાને તે ગુણ ગોઠયા છે ને પોતામાં તેવા ગુણો પ્રગટ કરવા માંગે છે તેથી તેનાં ગાણાં ગાય છે. એ ગાણાં કોઈ બીજાને માટે નથી ગાતા, પણ પોતામાં તે ગુણો

પ્રાપ્ત કરવાની જે ભાવના જાગી છે તે ભાવનાને જ પોતે મલાવે છે. તેથી સમન્તભદ્ર સ્વામીએ કહ્યું છે કે–'वन्दे तद्गुणलब्धये' .

હે જિનેશ! મેં આપના અચિંત્યગુણોને ઓળખ્યા છે તેથી મને આપના ઉપર પ્રમોદ અને બહુમાન જાગ્યું છે. ગુણોની ઓળખાણ સહિતની ભક્તિ તે જ ખરી ભક્તિ છે. આવી ઓળખાણ સહિત કહે છે કે હે જિનેન્દ્ર! કેવળજ્ઞાન પામીને આપનું ચૈતન્યદ્રવ્ય ઝળકી ઊઠયું; આપના આ ચૈતન્યઝબકારાની તો શી વાત! આપના કેવળજ્ઞાનપ્રકાશનો તો અચિંત્ય મહિમા છે; એ કેવળજ્ઞાન થતાં ત્રણલોકમાં અજવાળાં થાય, અને તેની સાથેં સાધકદશામાં આપને જે પુણ્ય થયા તેના ફળમાં આપનું જે દિવ્ય શરીર રચાયું–તે શરીરની શોભાની પણ શી વાત! આપનો આત્મા તો લોકોત્તર ને દેહ પણ લોકોત્તર! ચક્રવર્તીઓ અને ઇન્દ્રો કાળજેથી ભગવાનને નમી પડે છે.–હે નાથ! આપની પાસે અમે ન નમીએ તો જગતમાં અમારે નમવાનું બીજાું સ્થાન ક્યાં છે? પ્રભો! અમારું હૃદય આપને જોતાં ઉલ્લસી જાય છે. અહા, આપની વીતરાગતા! જગતમાં જેનો જોટો નથી. એ વીતરાગતા પ્રત્યે નમેલું અમારું હૃદય હવે કદી રાગ પ્રત્યે નમવાનું નથી. હે દેવ! જગતમાં મોક્ષાર્થી જીવોને નમવાનું સ્થાન હોય તો એક આપ જ છો, એટલે પરમાર્થે આપના જેવો જે વીતરાગી જ્ઞાનસ્વભાવ છે તે જ મોક્ષાર્થીને આદરણીય છે. રાગ તરફ જે નમે તે તારો ભક્ત નહિ. બહારમાં કુદેવાદિને માથાં ઝૂકાવે એની તો શી વાત, પણ એમ ન કરે ને અંદરમાં સૂક્ષ્મ રાગના કણિયાથી ધર્મનો લાભ થશે એમ માને તો તેણે પોતાનું માથું રાગ તરફ ઝૂકાવ્યું છે, વીતરાગનો તે ખરો ભક્ત નથી. વીતરાગના ભક્તનું માથું રાગને ન નમે. અહીં તો ઇન્દ્ર કહે છે કે પ્રભો! આપને અમે ન નમીએ તો જગતમાં એવું બીજાું કયું સ્થાન છે કે જ્યાં અમે નમીએ? ઇન્દ્રપદથી વિશેષ પુણ્યવંત આપના સિવાય કોણ છે?–પવિત્રતામાં અને પુણ્યમાં આપ જ સર્વોત્કૃષ્ટ છો તેથી આપને જ અમે નમીએ છીએ. જગતના સામાન્ય જીવો ઇન્દ્રને પુણ્યવંત ગણીને આદરે, ને તે ઇન્દ્રો ભગવાન જિનેન્દ્રદેવને મહાન ભક્તિથી આદરે છે.–આવા ભગવાનની સ્તુતિ હું ભક્તામર–સ્તોત્રદ્વારા કરું છું.

ભગવાનના ચરણોમાં ભક્તિથી નમનારા ઇન્દ્રો જાણે કહે છે કે હે નાથ! અમારા માથાના મુગટના મણિ કરતાં તારા પગના નખની શોભા વિશેષ છે; તારા ચરણની ભક્તિ તો અજ્ઞાન અંધકારનો ને પાપનો નાશ કરનારી છે. એ તાકાત અમારા મુગટ મણિના તેજમાં નથી; તેથી અમારા મુગટવંતા મસ્તક આપના ચરણોમાં ઝૂકી રહ્યા છે. પ્રભો; આપના આત્માની સર્વજ્ઞતાનું દિવ્ય તેજ તો અમને જ્ઞાનપ્રકાશ આપે છે ને આપના ચરણની

ભક્તિ નિબિડ પાપાંધકારનો નાશ કરે છે. આપની ભક્તિથી પાપનો વંશ નિર્વંશ થઈ જાય છે.

હે આદિનાથ જિનેન્દ્ર! આ ભરતક્ષેત્રમાં આપ જ આદ્યગુરુ છો. આપના અવતાર પહેલાં ૧૮ કોડાકોડી સાગરોપમથી આ ભરતક્ષેત્રમાં મોક્ષમાર્ગ ન હતો, જુગલિયાની ને ભોગભૂમિની રચના હતી. ૧૮ કોડાકોડી સાગર (એટલે ઘણા અસંખ્યાત વર્ષો) ના અંતરે આ ભરતક્ષેત્રમાં આપ આ ચોવીસીના આદ્ય તીર્થંકર થયા ને આપે જ મોક્ષમાર્ગ ઉઘાડયો, તેથી આપ જ ધર્મયુગના આદિ તીર્થંકર છો ને આપ જ આદ્યગુરુ છો. ભવસાગરમાં પડેલા જીવોને મોક્ષમાર્ગ બતાવીને આપે આલંબન આપ્યું; આપે અનેક જીવોને ભવસાગરથી તાર્યા. અહા, આપે ધર્મયુગની આદિ કરી; અમારા આત્મામાં અનાદિ કાળથી ધર્મનો અભાવ હતો, હવે આપના પ્રતાપે અમારામાં ધર્મની આદિ થઈ. પ્રભો! અમે આપના ધર્મના સાધક થઈને આપના ચરણમાં નમ્યા ત્યાં અમારા મિથ્યાત્વાદિ પાપોની અનાદિની લાળ તૂટી ગઈ, ને ભવજળથી તરવાનું આલંબન (સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન) અમને મળી ગયું.

જુઓ તો ખરા, આ ભગવાનની ભક્તિ! પોતાના આત્માને ભગવાનના માર્ગમાં ભેગો ભેળવીને આ ભક્તિ કરી છે. ભગવાન ઋષભદેવ તીર્થંકર આ અવસર્પિણીના ત્રીજા આરામાં થયા છે ને સ્તુતિકાર–આચાર્ય પંચમ આરામાં થયા છે; તેમની વચ્ચે અસંખ્ય વર્ષનું આંતરું છે; છતાં જાણે કે ભગવાન અત્યારે સામે પ્રત્યક્ષ સાક્ષાત્ બિરાજતા હોય એવી અદ્‌ભુત સ્તુતિ કરી છે. હે પ્રભો! આપના ચરણોની ભક્તિ સંસારસમુદ્રથી તરવા માટે આલંબનરૂપ છે. આપનો વીતરાગી ઉપદેશ ભવસમુદ્રથી તારનારો ને મોક્ષને દેનારો છે. પ્રભો! હું આપને જ અવલંબુ છું, એટલે કે આપે ઉપદેશેલા વીતરાગમાર્ગને જ અવલંબું છું, એ જ આ ભવસમુદ્રથી તરવા માટેનો સહારો છે. અહા! તારી ભક્તિ તો મુક્તિ દેનારી છે. શુદ્ધ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રના ધ્યેયપૂર્વક વીતરાગભાવને ભજતો ભજતો સાધક ભવને તરીને મોક્ષને પામે છે.–આ રીતે હે નાથ! ભવથી તરવા માટે આપ અમને આલંબનરૂપ છો.

જુઓ, રાગને માટે આપ આલંબનરૂપ છો–એમ ન કહ્યું, પણ વીતરાગભાવરૂપ ધર્મને માટે જ ભગવાન આલંબનરૂપ છે–એમ કહ્યું; કેમ કે રાગ થાય ને પુણ્ય બંધાય એના ઉપર ભગવાનના ભક્તનું લક્ષ નથી.

(અનુસંધાન માટે જુઓ પાનું –૨૨)

## ‘સમયસાર-કલશટીકા’ ઉપરનાં પ્રવચનો:

# શુદ્ધાત્માને નમસ્કારરૂપ અપ્રતિહત માંગલિક

**“ફાગણ સુદ બીજ” એ સોનગઢમાં સીમંધરનાથની મંગલપ્રતિષ્ઠાનો દિવસ, ને વી.સં. ૨૪૯૧ના ફાગણ સુદ બીજે તેની પચ્ચીસમી વર્ષગાંઠ; એ મંગલદિને સોનગઢમાં સીમંધરભક્ત શ્રી કાનજીસ્વામીના પ્રવચનમાં સમયસાર કલશટીકાના વાંચનનો પ્રારંભ થયો. તેમાંથી મંગલપ્રવચન અહીં આપ્યું છે.**

नमः समयसाराय स्वानुभूत्या चकासते
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

અનેકાન્તરૂપી અમૃતને પીનારા અમૃતચંદ્રાચાર્ય, જાણે કે ચાલતા સિદ્ધ હોય–એવી મુનિદશામાં ઝૂલતા હતા, તેમણે કુંદકુંદપ્રભુના હૃદયનું રહસ્ય સમયસારની ટીકામાં ખોલ્યું. તે ટીકામાં ૨૭૮ કલશ છે, જેમ મંદિર ઉપર સોનાનો કળશ શોભે તેમ સમયસારરૂપી મંદિરમાં આ શ્લોકો સોનાના કલશની જેમ શોભે છે. બરાબર આજે સીમંધરભગવાનની પધરામણીનો દિવસ છે. મંદિરની પ્રતિષ્ઠાનો આજે દિવસ છે ને આજે આ શાસ્ત્ર શરૂ થાય છે. આ સમયસારના કળશની ટીકા શ્રી રાજમલ્લજી પાંડેએ ઢુંઢારી ભાષામાં લગભગ ૪૦૦ વર્ષો પહેલાં લખી હતી તેના ઉપર આજે પ્રવચનો શરૂ થાય છે.

આ પહેલો કળશ એ સમયસારની ટીકાનું અપૂર્વ માંગળિક છે. આત્માનો શુદ્ધ અસ્તિસ્વભાવ શું છે, તેનું અલૌકિક વર્ણન છે. આત્માનો સર્વજ્ઞ સ્વભાવ અગાધ સામર્થ્યથી ભરેલો છે, તેની અતીન્દ્રિય સ્વચ્છતામાં લોકાલોક સહેજે જણાઈ જાય છે. જેમ અગાધ આકાશમાં અનેક નક્ષત્રો–તારાઓ ઝળકે છે, તેમ સ્વચ્છ ચૈતન્યઆકાશમાં લોકાલોક જ્ઞેયપણે (આકાશમાં એક નક્ષત્રની માફક) ઝળકે છે. ચૈતન્યની સ્વચ્છતાને જોતાં સમસ્ત જ્ઞેયો સહેજે જણાઈ જાય છે. કાંઈ જ્ઞેયોને જાણવા માટે બહિરલક્ષ કરવું નથી પડતું. આવા જ્ઞાનસ્વરૂપ જે શુદ્ધઆત્મા તે ‘સમયસાર’ છે, તેનું આમાં વર્ણન છે. તેને અહીં સારભૂત ગણીને માંગળિકમાં નમસ્કાર કર્યો છે.

અહો, અમૃતચંદ્રાચાર્યના આ મંગલા–

ચરણમાં એકલો અતીન્દ્રિય આત્મરસ ઝરે છે, અમૃત–રસથી ભરેલા આ શ્લોકો છે. પહેલાં જ 'સત્'પણું બતાવ્યું. षट्खंडागममां પણ પહેલાં सत्परुपणां લીધી છે. सत्पदपरुपणा એટલે જે વસ્તુ સત્ છે–તેની પ્રરૂપણા છે. અહીં પણ મંગળમાં भावाय.....नम: એમ કહીને સત્સ્વરૂપ જે શાશ્વત આત્મપદાર્થ શુદ્ધ આત્મા તેને નમસ્કાર કર્યો છે. પોતે પોતાના શુદ્ધસ્વરૂપને નમે છે–તે તરફ ઢળે છે. પરિણતિ અંતરસ્વરૂપમાં વળી તે હવે પરભાવ તરફ ઢળવાની નથી. એવું આ અપ્રતિહત મંગળ છે.

શુદ્ધઆત્મા સત્તાસ્વરૂપ વસ્તુ છે; તે વસ્તુનો સ્વભાવ કેવો છે? કે ચિત્સ્વભાવ છે. ચૈતન્ય જ જેનું સર્વસ્વ છે. એકલા ચૈતન્યભાવથી બનેલી આત્મસત્તા છે. સાકર એટલે ગળપણનો પિંડ, તેમ આત્મા એટલે ચૈતન્યનો પિંડ. એ ચૈતન્યપિંડમાં રાગ સમાય નહિ. 'રાગ નથી' એવી નાસ્તિની વાત ન લીધી, પણ 'ચૈતન્યસ્વભાવરૂપ સત્તા' છે એમ અસ્તિની જ વાત લીધી. 'અસ્તિ' સ્વરૂપ ઓળખતાં 'નાસ્તિ' નો પણ ખ્યાલ આવી જાય છે.

ચૈતન્યગુણ વડે ચૈતન્યસત્તાને લક્ષમાં લ્યે તો નિર્વિકલ્પ દ્રષ્ટિ થઈ જાય. જગતમાં અનંતા પદાર્થો સતરૂપ–ભાવરૂપ છે, તેમાં કોઈ ચેતન છે, કોઈ અચેતન છે; તેમાંથી નમસ્કાર કરવા યોગ્ય પદાર્થ કોણ છે? કે ચેતનપદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે. સમસ્ત પદાર્થોમાં સારરૂપ ચેતનપદાર્થ છે, તેથી તે નમસ્કાર કરવા યોગ્ય છે.–આવો અર્થ 'नम: समय साराय' માંથી નીકળે છે.

હવે, તે સમયસાર–શુદ્ધઆત્મા કેવો છે? કે 'ચિત્સ્વભાવ' છે–એમ કહીને તેનો ગુણ બતાવ્યો. જો કે 'સમયસાર' કહેતાં તેમાં તેના ગુણો ગર્ભિતપણે આવી જાય છે, કેમકે વસ્તુ અને તેના ગુણોની એક જ સત્તા છે, કાંઈ જુદા નથી,–તોપણ ગુણભેદ પાડીને સમજાવ્યું; કેમકે વિશેષગુણવડે વસ્તુનું સ્વરૂપ ઓળખાવ્યા વગર તેનું સમ્યગ્જ્ઞાન થતું નથી, માટે 'ચિત્સ્વભાવ' એવું વિશેષણ કહ્યું.

સમયસાર એટલે આત્મા; સમય એટલે સામાન્યપણે વસ્તુ, તેમાં જે સારભૂત ચેતન– પદાર્થ એવો જીવ, તે જ ઉપાદેયરૂપ છે તેથી તેને નમસ્કાર કર્યા છે. 'સમય' શબ્દના તો ઘણા અર્થો થાય છે, પણ અહીં માંગળિકના આ અવસરમાં સમય એટલે વસ્તુ, ને તેમાં સારભૂત ચેતન વસ્તુ; આ રીતે પદાર્થોમાં સારભૂત એવા ચેતનપદાર્થને નમસ્કાર તે પ્રમાણ રાખ્યા, ને બીજાને અસારરૂપ જાણીને તે અચેતનપદાર્થોને નમસ્કારનો નિષેધ કર્યો. આમ છતાં વ્યવહારમાં જિનવાણી–જિનબિંબ વગેરે પણ વંદનીય છે, તે વાત બીજા કળશમાં લેશે. જિનવાણી તે સર્વજ્ઞસ્વભાવને અનુસરનારી છે, સર્વજ્ઞસ્વભાવ નમસ્કાર યોગ્ય છે, ત્યાં નિમિત્તથી તે સ્વભાવ દર્શાવનારી વાણીને પણ વંદન કરવામાં આવે છે. પણ અહીં પરમાર્થ મંગલાચરણના પ્રસંગમાં नम: समयसाराय કહેતાં ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્મવસ્તુ જ નમન કરવા યોગ્ય છે. વિકલ્પાદિ અશુદ્ધતા પણ સારરૂપ નથી, તેથી તેને પણ 'સમયસાર' માંથી કાઢી નાંખશે.

પં. રાજમલ્લજીએ આ કલશટીકામાં સમયસારના ભાવો ખોલ્યા છે. આ કળશટીકા

વાંચીને પં. બનારસીદાસજી પણ પ્રભાવિત થયા હતા; તેઓ લખે છે કે–

पांडे राजमल्ल जिनधर्मी समयसार-नाटकके मर्मी।
तिन्हें ग्रन्थकी टीका कीन्हीं बालबोध सुगम करि दोन्ही।।

આ કળશટીકાની અધ્યાત્મશૈલિથી પ્રભાવિત થઈને, બનારસીદાસજી બીજા અનેક સાધર્મીઓ સાથે તેની સ્વાધ્યાય કરતા, અને તેના ઉપરથી તેમણે 'સમયસાર નાટક' ની રચના કરી છે. સમયસાર નાટક તો પ્રસિદ્ધ હતું પણ આ કળશટીકાની પ્રસિદ્ધિ ઓછી હતી, તે હવે પ્રસિદ્ધિમાં આવી છે.

મંગળાચરણરૂપે 'સમયસાર' ને નમસ્કાર કર્યા છે. જગતમાં પદાર્થો તો અનંત છે, ને સૌ પોતપોતાના ગુણ–પર્યાયના વૈભવસહિત બિરાજમાન છે, સ્વાધીન છે, કોઈ બીજાને આધીન નથી, તો પછી તેમાં જીવપદાર્થને જ સાર કેમ કહ્યો? તો કહે છે કે જીવમાં બે વિશેષણોની વિશેષતા છે–એક તો શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જીવને જ છે. જગતના બીજા કોઈ પદાર્થમાં એ સુખ નથી, માટે જીવ સારભૂત છે. સાર કહો કે સુખ કહો, એવી સુખદશા જેને પ્રગટી છે તે જીવ જગતમાં સારભૂત છે, તેથી તેને નમસ્કાર કર્યા.–એક તો આ સુખની વિશેષતા. स्वानुभूत्या चकासते એમ કહીને આ અતીન્દ્રિય સુખમય શુદ્ધાત્મપરિણમન બતાવ્યું છે. એવા અતીન્દ્રિયસુખની અનુભૂતિના પરિણમનથી પ્રકાશતો આત્મા સારભૂત છે, તેને નમસ્કાર હો.

એક વિશેષણ તો સ્વાનુભૂતિરૂપ અતીન્દ્રિય–સુખનું પરિણમન છે તે બતાવ્યું. બીજું વિશેષણ 'જ્ઞાન'સામર્થ્યદ્વારા બતાવે છે. એક સમયમાં એક સાથે સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ જાણી લ્યે છે એવી તાકાત આ શુદ્ધ આત્મામાં જ ખીલી છે, જગતના બીજા કોઈ પદાર્થમાં એવી તાકાત નથી, તેથી જીવને સારપણું છે, શ્રેષ્ઠપણું છે. તેથી આવો શુદ્ધઆત્મા સારભૂત અને હિતકારી હોવાથી નમસ્કાર કરવા યોગ્ય છે.

સાર એટલે સારૂં, હિત, સુખ, ઉત્તમ, શ્રેષ્ઠ. અસાર એટલે અહિત, દુઃખ;

આત્મા પોતે સ્વાનુભૂતિથી અતીન્દ્રિય જ્ઞાન ને સુખરૂપે પરિણમ્યો તે જ જગતમાં સારરૂપ, હિતરૂપ, સુખરૂપ છે, તે જ શ્રેષ્ઠ અને વંદનીય છે; બહારના પદાર્થોવડે આત્માની શ્રેષ્ઠતા નથી. જ્યાં ચૈતન્ય પોતે સ્વાનુભવથી શોભી ઊઠયો ત્યાં બીજી કઈ વસ્તુથી તેની શોભા છે? જુઓને, તીર્થંકરોનું શરીર વસ્ત્ર વગર જ કેવું શોભે છે!! એવું પવિત્ર શરીર કે જોનારને તેમાં પોતાના સાતભવ ( આગલા–પાછલા ) દેખાય. તો આ ચૈતન્યદર્પણનું દિવ્ય ચૈતન્ય તેજ–જેમાં જગતના સમસ્ત પદાર્થો એક સાથે ઝળકે ને જે અતીન્દ્રયઆનંદથી સ્વાનુભૂતિમાં જ મગ્ન રહે. એવા ચૈતન્યસમયસાર– શુદ્ધઆત્માની શોભાની શી વાત? માટે આવો ચૈતન્યપદાર્થ આત્મા જ સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ–સારભૂત છે.

જુઓ, જગતમાં છ દ્રવ્યો; તેમાં પાંચ તો અજીવ છે. તે અજીવ પદાર્થોમાં જ્ઞાન નથી, સુખ પણ નથી, તે અજીવને જાણતાં જાણનારને પણ સુખ નથી. સુખ તો સ્વાનુભૂતિમાં છે. એકલા પરપ્રકાશકપણામાં સુખ નથી. શુદ્ધજીવ પોતે સુખ છે, જ્ઞાનરૂપ છે, અને તેને જાણતાં જાણનારને પણ અતીન્દ્રિય

સુખનો સ્વાનુભવ થાય છે, માટે તેને જ સારપણું છે. આવા સારભૂત જીવને ઓળખીને અહીં મંગલાચરણમાં તેને નમસ્કાર કર્યા છે. આ નમસ્કાર અપૂર્વ છે. આવા નમસ્કારનો ભાવ જીવે પૂર્વે કદી પ્રગટ કર્યો ન હતો; જ્યાં ચૈતન્યસ્વભાવમાં સ્વસન્મુખ થઈને તેને જાણ્યો ત્યાં અતીન્દ્રિયસુખ સ્વાનુભવમાં આવ્યું તે અપૂર્વ મંગલ છે. આ માંગલિકમાં અપૂર્વ સ્વસન્મુખતા છે. સ્વસન્મુખ ભાવમાં જ અતીન્દ્રિય સુખ ને જ્ઞાન છે તેથી તે સારભૂત મંગળ છે. સ્વસ્વભાવની સન્મુખતા વિના જ્ઞાન નહિ, ને સ્વસ્વભાવની સન્મુખતા વિના સુખ નહિ. જેને જાણવાથી સુખ ન મળે, જેને જાણવાથી સમ્યગ્જ્ઞાન ન થાય–એવા પદાર્થોને 'સાર' કોણ કહે? સાર તો તેને કહેવાય કે જેને જાણતાં સુખ અને જ્ઞાન થાય. એવો સારભૂત પદાર્થ તો શુદ્ધઆત્મા જ છે. તેથી તેને નમસ્કાર કરીને માંગલિક કર્યું.

### શુદ્ધાત્માને નમસ્કાર એટલે શું?

શુદ્ધઆત્મા, જ્ઞાન ને સુખસ્વભાવથી ભરેલો છે તેને ઓળખીને શ્રદ્ધા–જ્ઞાનમાં લેવો ને પરિણામને તેમાં વાળવા–ઢાળવા–લીન કરવા તે શુદ્ધઆત્માને નમસ્કાર છે; ને આ રીતે સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રવડે શુદ્ધઆત્મા તરફ નમનારો જે ભાવ છે તે માંગલિક છે. આવા આત્માને જાણે ને અતીન્દ્રિયસુખનું વેદન ન થાય એમ બને નહિ, પરસન્મુખ થઈને પરને જાણતાં તો સુખ નથી, પોતાની અશુદ્ધતાને જાણતાં પણ જાણનારને સુખ નથી, જાણનારને સુખ ક્યારે થાય? કે જાણનારો જ્યારે પોતે પોતાને જાણે ત્યારે તેને સુખ થાય. ને જે સુખને લાવે તેને જ માંગલિક કહેવાય. આ રીતે શુદ્ધાત્માને નમસ્કારરૂપ માંગલિક કર્યું.

**આ ત્રણ મુદ્દાનો વિચાર કરો–**

*** "જ્ઞેય તે હું નહીં, જ્ઞાન તે હું"**

*** "હું જ જ્ઞેય......ને હું જ જ્ઞાતા."**

*** નિર્વિકલ્પ**

આત્મધર્મ

MARCH : 1965: વર્ષ ૨૨: અંક પાંચમો

# આત્મા

* આત્મામાં એવી કોઈ શક્તિ નથી કે પરનાં કાર્ય કરી શકે.

* આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જે પરનાં કાર્ય કરી શકે.

* આત્માની કોઈ પર્યાયમાં એવી તાકાત નથી કે પરનાં કાર્ય કરી શકે.

* આત્માના શુભભાવમાંય એવી તાકાત નથી કે પરનાં કામ કરે.

* આત્માના અશુભભાવમાંય એવી તાકાત નથી કે પરનાં કામ કરે.

* આત્મામાં એવો કોઈ ગુણ નથી કે શુભ-અશુભ વિકારને કરે.

* આત્માના શુદ્ધભાવમાંય એવી તાકાત નથી કે પરનાં કામ કરે.

* આત્મામાં એવો સ્વભાવ છે કે પરને ન કરે, ને વિકારને ન કરે.

* આત્મામાં એવો સ્વભાવ છે કે પોતાના શુદ્ધભાવને કરે.

* અહા, પરથી કેટલી ભિન્નતા !! ને વિકારથી પણ કેવી ભિન્નતા !! કેવું નિરપેક્ષ આત્મતત્ત્વ! અકર્તાસ્વભાવ....એકલો શુદ્ધતાનો જ પિંડલો !! એના સ્વીકારથી પર્યાયમાં શુદ્ધતા જ ખીલે છે, અશુદ્ધતા ટળે છે, અને પરના સબંધથી રહિત વિકારરહિત પરમ શુદ્ધ સિદ્ધપદ પ્રગટે છે. આવા એક આત્માને જેણે જાણી લીધો તેણે દુનિયામાં જાણવાયોગ્ય બધું જાણી લીધું.

-૪૭ શક્તિના પ્રવચનમાંથી

# અચિંત્ય મહિમાવંત આત્મશક્તિ

**ગત માગશર-પોષ માસમાં સમયસારની ૪૭ શક્તિઓ ઉપર જે ભાવભીનાં પ્રવચનો થયા તેનો કેટલોક સારભાગ અહીં આપવામાં આવ્યો છે.**

**( ગતાંકથી ચાલુ )**

## ( ૩૭ ) આખાય પરિવારને આનંદ થાય છે.

ચૈતન્યમાં એક ઉત્તમ–શુદ્ધ પરિણતિ પ્રગટતાં આત્માનો આખોય પરિવાર આનંદિત થાય છે. જેમ કુટુંબમાં એક ઉત્તમ પુત્રનો અવતાર થતાં આખોય પરિવાર ખુશ થાય છે તેમ આત્મામાં એક આનંદગુણની ઉત્તમ પરિણતિનો અવતાર થતાં અનંતા ગુણોનો આખોય પરિવાર આનંદમય થાય છે. અનંતગુણથી અભેદરૂપ વસ્તુ છે તેનો દરેક ગુણ સર્વગુણોમાં ( –આખા દ્રવ્યમાં ) વ્યાપક છે. સુખગુણ છે તે દુઃખમાં વ્યાપક નથી, પણ સુખગુણ આખા આત્મામાં વ્યાપક છે. દુઃખ તે ખરેખર સુખશક્તિનું કાર્ય નથી, એટલે ખરેખર તે આત્મા જ નથી. આત્મા તો સુખ શક્તિનો પિંડ છે, એ તો સુખનું વેદન આપે; એ દુઃખનું વેદન કેમ આપે ?

## ( ૩૮ ) ડબલ અપરાધ

પ્રભુ કહે છે કેઃ અમે પરમેશ્વર થઈને કહીએ છીએ કે પરમેશ્વરપણું આત્મામાં છે; માટે તું તારા પરમેશ્વરપદને દેખ. પોતાના પરમેશ્વરપદને ભૂલીને જે વિકાર જેટલો પોતાને માને છે તે અપરાધી છે; અને આવો અપરાધ પોતે કરવા છતાં બીજા ઉપર ઢોળે કે મને વિકારકર્મે કરાવ્યો–તો તે ડબલ અપરાધી છે. પોતાનો અપરાધ બીજા ઉપર ઢોળે તે અપરાધ ટાળશે ક્યારે ?

## ( ૩૯ ) પ્રભુનો પ્રતાપ કોણ ઝીલી શકે ?

ચૈતન્યની પ્રભુતા એવી મહાન છે કે એના પ્રતાપને સમ્યગ્દ્રષ્ટિ જ ઝીલી શકે છે. અજ્ઞાનીની દ્રષ્ટિ એવી નબળી છે કે એ ચૈતન્યની પ્રભુતાના તેજને ઝીલી શકતી નથી. અહા, આવી અચિંત્ય પ્રભુતા–જગતમાં જેનો જોટો નહિ,–એવી પ્રભુતાનો પિંડ હું જ છું.–આવી પ્રતીત સમ્યગ્દ્રષ્ટિને જ થાય છે, એ જ ચૈતન્યપ્રભુના પ્રતાપને ઝીલી શકે છે. રાગમાં એવી તાકાત નથી કે ચૈતન્યપ્રભુના પ્રતાપને ઝીલી શકે. અહા, આવી પ્રભુતા સંતોએ પ્રગટ કરીને જગતને બતાવી છે. જ્યારે ૯૦૦ વર્ષ પહેલાં અમૃતચંદ્રસ્વામી મુનિદશામાં ઝૂલતા ઝૂલતા આવી

પ્રભુતાને પ્રસિદ્ધ કરતા હશે ને ભરતક્ષેત્રમાં વિચરતા હશે–ત્યારે તો જાણે સિદ્ધ ભગવાન ઉપરથી ઊતર્યા! એવો એમનો દેદાર હશે.

## ( ૪૦ ) સિદ્ધ પ્રભુજી....આવો દિલમેં......

શરૂઆતમાં જ આત્માના આંગણે સિદ્ધ પ્રભુને પધરાવીને આ સમયસાર શરૂ કર્યું છે. અમારા અને શ્રોતાના બધાયના આત્મામાં સિદ્ધપ્રભુને બેસાડયા છે....જ્યાં સિદ્ધ પ્રભુને બેસાડયા ત્યાં રાગ કેમ રહી શકે? માટે કાઢી નાંખ રાગને લક્ષમાંથી, ને સિદ્ધ જેવા સ્વભાવને લક્ષમાં લે. શ્રોતા પણ એવો છે કે આદરથી આ વાત સાંભળવા આવ્યો છે એટલે આચાર્યદેવ જે વાત સમજાવે છે તે આદરપૂર્વક સ્વીકારે છે. ભાઈ, તારા આંગણામાં સિદ્ધ ભગવાનને પધરાવવા છે, તો જ્યાં સિદ્ધભગવાન પધારે એ આંગણું કેવડું હોય? રાગના ટૂંકા આંગણામાં સિદ્ધભગવાન નહિ રહે; માટે રાગનું લક્ષ છોડી ચિદાનંદ સ્વભાવને લક્ષમાં લઈને તારું આંગણું એવું વિશાળ કર કે અહો! જેટલી સિદ્ધભગવાનની શક્તિ એટલી જ શક્તિ મારા સ્વભાવમાં. આમ સ્વભાવનો ઉલ્લાસ લાવી, જ્ઞાનને ચોકખું (રાગ વગરનું) કરીને તેમાં તારા અંતરમાં અનંતા સિદ્ધભગવંતોને પધરાવ. જે જ્ઞાન અનંત સિદ્ધોનો સ્વીકાર કરીને પરિણમ્યું તે જ્ઞાન સિદ્ધદશા તરફ પરિણમે છે. જે શ્રદ્ધાએ અનંત સિદ્ધોનો સ્વીકાર કર્યો તે શ્રદ્ધા પણ સિદ્ધપદ તરફ પરિણમવા માંડી; એણે આત્મામાં સિદ્ધને સ્થાપી રાખ્યા છે, એનો આત્મા જાગી ઊઠયો છે, હવે જ્યાં સિદ્ધપદનું ટાણું આવશે કે ફડાક ચૈતન્યમાં લીન થઈને સિદ્ધપદ પ્રગટ કરશે. શ્રદ્ધા–જ્ઞાનમાં તો અત્યારથી લઈ લીધું છે.

## ( ૪૧ ) આત્મા જાગી ઊઠે છે

અહા, સિદ્ધપદની આ વાત સાંભળતા જ આત્મા જાગી ઊઠે છે. અરે, આઠ વર્ષની બાલિકા પણ જાગી ઊઠે એવી આ વાત છે. આચાર્યદેવે સમયસારની શરૂઆત જ કોઈ અલૌકિક રીતે કરી છે. અરે, સિદ્ધપદને યાદ કરીને તું આ સમયસાર સાંભળજે. રાગને ભૂલી જા.....સંસારને ભૂલી જા....સિદ્ધપદને આત્મામાં સ્થાપીને ચાલ્યો આવ સિદ્ધિના માર્ગે! સિદ્ધને આત્મામાં સ્થાપીને, સિદ્ધપદને સાધવા નીકળ્યો તેના માર્ગમાં કોઈ વિઘ્ન નથી. સિદ્ધને અંતરમાં રાખીને, અને સિદ્ધમાં ન હોય એવા ભાવને અંતરમાંથી દૂર કરીને તે સાધક નિર્વિઘ્નપણે–અપ્રતિહતપણે સિદ્ધપદને સાધશે.

## ( ૪૨ ) જેવી શક્તિ તેવી જ તેની વ્યક્તિ

સર્વજ્ઞતા કહો કે મોક્ષ કહો, એ સર્વજ્ઞતાનો કર્તા કોણ? સર્વજ્ઞત્વ શક્તિવાળો આત્મા જ તે સર્વજ્ઞતાનો કર્તા છે. સર્વજ્ઞત્વશક્તિ વિકારની કર્તા નથી, સર્વજ્ઞત્ત્વશક્તિ ખરેખર અલ્પજ્ઞતાની કર્તા નથી, સર્વજ્ઞશક્તિ તો સર્વજ્ઞતાની જ કર્તા છે. સર્વજ્ઞતાની વ્યક્તિ એ જ સર્વજ્ઞત્વ–શક્તિનું ખરૂં કાર્ય છે. શક્તિનું કાર્ય શક્તિથી વિરુદ્ધ ન હોય. જે પૂર્ણ પર્યાયરૂપ વ્યક્તિ તેનું કારણ તે શક્તિ જ છે, અથવા શક્તિ સાથે અભેદ એવો આત્મા જ કર્તા છે, અને તે કર્તાને સર્વજ્ઞતારૂપ કાર્ય કરવાના કારકો પણ આત્મામાં જ

છે. એકેક શક્તિમાં છએ કારકની સ્વાધીનતા છે.

## ( ૪૩ ) જ્ઞાનસ્વભાવ

સામે લોકાલોક છે તો અહીં સર્વજ્ઞતા છે એમ નથી. સર્વજ્ઞતા છે તે પોતાથી છે અને તે આત્મજ્ઞાનમયી છે; આત્મસન્મુખ રહીને તે લોકાલોકને જાણે છે. સર્વજ્ઞસ્વભાવી આત્માના જ્ઞાનમાં સર્વજ્ઞતા ખીલી જાય છે; આત્મસન્મુખતાથી સર્વજ્ઞતા ખીલે છે, પરસન્મુખતાથી સર્વજ્ઞતા ખીલતી નથી. વળી જ્ઞાનમાં કાંઈ એવા બે ભાગ નથી કે એક ભાગ સ્વને જાણે ને બીજો ભાગ પરને જાણે. પરને જાણે અને સ્વને જાણે પણ બંનેને જાણનાર જ્ઞાન તો એક જ છે, કાંઈ બે જ્ઞાન જુદા નથી. એક જ જ્ઞાનનું એવું સામર્થ્ય ખીલી ગયું છે કે સ્વસન્મુખ રહીને સ્વ-પરને જાણે છે. સ્વમાં તન્મય રહીને જ્ઞાન સ્વ-પરને જાણે છે. જ્ઞાન સ્વપણે રહીને પરને જાણે છે, પરને જાણતાં કાંઈ તે પરરૂપ થઈ જતું નથી. પરનું જ્ઞાન તે કાંઈ પર નથી, જ્ઞાન તો સ્વ છે. એનો નિર્ણય કરીને સ્વસન્મુખ પરિણમતાં જ્ઞાનનો વિકાસ સર્વજ્ઞતારૂપે ખીલી જાય છે.

## ( ૪૩ ) આત્માનું ખરૂં કામ-સર્વજ્ઞતા ને વીતરાગતા

એ સ્વ-જ્ઞાનનો ( -જ્ઞાનસ્વભાવી આત્માનો ) નિર્ણય કરીને જ્ઞાન જ્યાં જ્ઞાનપણે પોતામાં જ રહ્યું ત્યાં તે જ્ઞાનમાં રાગાદિ ક્યાં છે? જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થતાં વીતરાગતા થઈ, જ્યાં વીતરાગતા થઈ ત્યાં હવે બીજું શું કરવાનું છે? લોકોને રાગનાં કાર્ય દેખાય છે, પણ વીતરાગતા એ તો જાણે કાંઈ કાર્ય જ ન હોય-એમ અજ્ઞાનીને લાગે છે. ભાઈ, આત્માના હિતને માટે કરવાયોગ્ય તો સર્વજ્ઞતા ને વીતરાગતા છે. સર્વજ્ઞતા ને વીતરાગતા એ જ આત્માનું ખરૂં કર્તવ્ય છે. ચૈતન્યમાં સર્વજ્ઞતા ને વીતરાગતા કેમ પ્રગટ કરવી તેની રીત શાસ્ત્રોએ બતાવી છે. ચૈતન્યશક્તિમાં નિધાન અપાર છે, તેની કોઈ મર્યાદા નથી, એના સામર્થ્યનો પાર નથી.

## ( ૪૪ ) આશ્ચર્ય ઉપજાવે તેવી અનંતશક્તિ

આશ્ચર્ય ઉપજાવે એવું અચિંત્ય સામર્થ્ય એકેક શક્તિમાં ભર્યું છે, ને એવી અનંતશક્તિ આત્મામાં છે. એટલી બધી અનંત શક્તિઓ છે કે સંખ્યાથી જેની ગણતરી નથી, વચનથી જેનો પાર નથી આવતો; અસંખ્ય અબજો વર્ષો સુધી કોઈ માણસ કે દેવ ઝડપભેર એક-બે-ત્રણ-ચાર-પાંચ....એમ ગણ્યા કરે તોપણ આત્માની અપાર શક્તિઓનો અનંતમો ભાગ પણ તે ગણતરીમાં આવી શકે નહિ; વિકલ્પથી પણ એનો પાર ન પમાય; પણ અંતર્મુખ થઈને અભેદ આત્માનો જ્યાં સ્વાનુભવ કરે ત્યાં તે સ્વાનુભવમાં અનંતી શક્તિઓ એક સાથે સમાઈ જાય છે. અનંતી શક્તિઓ એકરસ થઈને એક ક્ષણમાં અનુભવમાં આવી જાય છે. 'ગણી ગણાય નહિ પણ અનુભવમાં સમાય' એવી અનંતશક્તિનો પિંડ આ આત્મા છે.

## ( ૪૫ ) એક સમયમાં પૂર્ણ નિધાન

જેમાંથી સર્વજ્ઞતા-વીતરાગતા-આનંદ-પ્રભુતા વગેરે પ્રગટે એવા અપાર નિધાન ચૈતન્યશક્તિમાં ભર્યા છે, અંતર્મુખ અવલોકનથી તે નિધાન

પ્રગટે છે. એને પ્રગટાવવા કોઈ બીજાનું અવલંબન લેવું પડતું નથી. જેમાં વિકલ્પનું કે ઇન્દ્રિયોનું અવલંબન લેવું ન પડે, ને સ્વાશ્રયે એક સમયમાં પોતાનું પૂરું કાર્ય કરે–એવું સામર્થ્ય આત્માની દરેક શક્તિમાં છે. બે સમય લાગે નહિ ને બીજાનું અવલંબન લ્યે નહિ– એક સમયમાં પૂરું જાણે એવી સ્વયંભૂ–સર્વજ્ઞતામાં પરંતુ કર્તૃત્વ નથી, રાગદ્વેષમોહ નથી. આવી સર્વજ્ઞતા ને વીતરાગતા પ્રગટે એ જ મોક્ષાર્થીએ કરવાનું છે. પોતામાં જે નિધાન છે તે જ પ્રગટ કરવાના છે, ક્યાંય બહારથી નથી લાવવા.

### (૪૬) સર્વજ્ઞતાનો નિર્ણય કરનારો ભાવ સર્વજ્ઞની જાતનો જ છે. શુદ્ધપર્યાય સાધક થઈને શુદ્ધદ્રવ્યને સાધે છે.

આવી સર્વજ્ઞતાનો નિર્ણય એ સ્વસન્મુખ ઉદ્યમ છે. રાગથી જુદો પડીને જ્ઞાન તરફ વળ્યો ત્યારે, જ્ઞાનરૂપ થઈને સર્વજ્ઞતાની પ્રતીત કરી. સર્વજ્ઞતાની પ્રતીત જ્ઞાનરૂપ થઈને થાય છે, રાગરૂપ થઈને સર્વજ્ઞતાની પ્રતીત થતી નથી. સર્વજ્ઞતાની પ્રતીત કરનારો ભાવ સર્વજ્ઞતાની જાતનો જ હોય, એથી વિરુદ્ધ જાતનો ન હોય. અંતર્મુખ થઈને જે જ્ઞાન સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરે છે તે જ્ઞાન સર્વજ્ઞતાની જાતનું જ છે. આ રીતે શુદ્ધઆત્માનો અનુભવ શુદ્ધભાવ વડે જ થાય છે, અશુદ્ધતા વડે શુદ્ધાત્માનો અનુભવ થાય નહીં. આ રીતે નિર્મળપર્યાય તે સાધક છે ને શુદ્ધદ્રવ્ય તે સાધ્ય છે. અનુભવમાં સાધ્ય–સાધન બંને અભેદ છે. નિર્મળપર્યાય વડે શુદ્ધાત્મા સધાય છે, રાગ વડે શુદ્ધાત્મા સધાતો નથી. શુદ્ધપર્યાય સાધક થઈને શુદ્ધદ્રવ્યને સાધે છે, એટલે કે તેમાં તન્મય થાય છે. રાગમાં એ તાકાત નથી કે શુદ્ધદ્રવ્યમાં તન્મય થાય.

### (૪૭) 'અદ્ભુત ચૈતન્યરસ' તેને જાણનાર 'સર્વજ્ઞપુત્ર' છે.

અહો, આ અદ્ભુત ચૈતન્યરસ! ચૈતન્યમાં એવી અદ્ભુતતા છે કે ભિન્નભિન્ન લક્ષણવાળી અનંતશક્તિઓ એક સાથે તેમાં રહેલી છે ને તે બધી શક્તિઓ શુદ્ધાત્માને લક્ષિત કરાવે છે. લક્ષણદ્વારા લક્ષ્યરૂપ શુદ્ધાત્માને લક્ષમાં લેવો–એમાં સમ્યક્ પુરુષાર્થ છે. જ્ઞાનદ્રષ્ટિથી જેને નીહાળતાં જ પરમાત્માની પ્રતીત થાય છે. પરમાત્મસ્વભાવને જેણે પ્રતીતમાં લીધો તે 'સર્વજ્ઞનો પુત્ર' થયો. ગણધરદેવને 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે; અથવા બધાય સમ્યગ્દ્રષ્ટિને 'જિનેશ્વર કે લઘુનંદન' કહ્યા છે

### (૪૮) સાધ્ય અને સાધન બંને એકજાતના હોય.

વિભાવને અને સ્વભાવને સાધન–સાધ્યપણું ન હોય. સાધ્ય ને સાધન બંને એક જાતના હોય. અરૂપી ચૈતન્યસ્વભાવ વિકારને કે પરને ખરેખર સ્પર્શ્યો જ નથી એટલે અસ્પર્શી છે. ચૈતન્યના ઘરમાં વિકલ્પનો પ્રવેશ નથી, ને વિકલ્પ વડે એ ચૈતન્યસ્વભાવના ઘરમાં જવાતું નથી. ચૈતન્યના ઘરમાં જવા માટે ચૈતન્યની જાતની જ પર્યાય જોઈએ. ભલે એ પર્યાયનો કાળ એક સમયનો છે પણ તેની જાત તો ચૈતન્યસ્વભાવ જેવી જ છે. વિકાર સાધન અને

તેના વડે શુદ્ધઆત્મા સાધ્ય એમ બનતું નથી કેમકે બંનેની જાત જુદી છે. વિકાર સાધન અને બંધન સાધ્ય; નિર્મળપર્યાય સાધન અને શુદ્ધાત્મા સાધ્ય–એ બંનેની જાત એક જ છે.

## ( ૪૯ ) દ્રવ્ય-ગુણ-પર્યાયને ક્ષેત્રભેદ નથી

આત્મદ્રવ્ય, તેનો દરેક ગુણ અને તેની પ્રત્યેક પર્યાય–એ બધાનું ક્ષેત્ર એક જ છે, ક્ષેત્રથી જરાય ભેદ નથી. કાળથી દ્રવ્ય અનાદિ અનંત, તેના ગુણો અનાદિઅનંત, અને પર્યાય એક સમયપૂરતી–એટલો ભેદ છે. પણ નિર્મળપર્યાય તે તે કાળે તો સ્વભાવ સાથે અભેદ પરિણમેલી છે.

## ( ૫૦ ) પ્રત્યક્ષ સ્વસંવેદન એ જ મોક્ષનો રાહ

આત્મામાં સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ સ્વસંવેદનમયી શક્તિ છે એટલે આત્માના સ્વભાવનું સ્વસંવેદન સ્વયં પોતાથી (–રાગ વગર–વિકલ્પ વગર–ઇન્દ્રિયો વગર) અત્યંત સ્પષ્ટ પ્રકાશે છે. આવા આત્મસ્વભાવનું માહાત્મ્ય આવે તો જ તેમાં અંતર્વલણ થાય ને તો જ મોક્ષના રાહ પ્રગટે. મોક્ષના રાહ કહો કે સુખના રાહ કહો, તે પ્રગટવાનું સ્થાન તો પોતાના આત્મામાં જ છે, આત્માનું સંવેદન રાગ વડે તો ન થાય. ઇન્દ્રિય તરફના પરોક્ષજ્ઞાન વડે પણ આત્માનું સંવેદન ન થાય, આત્માનું સંવેદન તો પ્રત્યક્ષ–સ્વયં પોતાથી જ અત્યંત સ્પષ્ટ થાય છે. જુઓ, આવું સ્વસંવેદન તે ધર્મ છે ને તે મોક્ષમાર્ગ છે; અને દરેક આત્મામાં આવું સ્પષ્ટ–સ્વસંવેદન કરવાની તાકાત છે. स्वानुभूत्या चकासते એમ કહો કે 'સ્વયં પ્રકાશમાન' કહો, સ્વયં એટલે પોતાની સ્વાનુભૂતિવડે આત્મા પ્રકાશમાન થાય છે, અનુભવમાં આવે છે. રાગના પ્રકાશન વડે ચૈતન્યનું પ્રકાશન થતું નથી. ચૈતન્યનું પ્રકાશન ચૈતન્યની પોતાની નિર્મળ પરિણતિ વડે થાય છે, બહિર્મુખ પરિણતિવડે ચૈતન્યનું પ્રકાશન થાય નહીં. અહો, "સ્વાનુભૂતિ" થી જ આત્માનું પ્રકાશન કહ્યું તેમાં વ્યવહારનું અવલંબન કયાં આવ્યું? અરે, તારી સ્વાનુભૂતિમાં તારે નથી જોઈતા અન્ન ને પાણી, કે નથી જોઈતા મન ને વાણી! કે નથી જોઈતા કોઈ વિકલ્પ.–અન્ન કે મન, પાણી કે વાણી–એ બધાથી પાર એકલા પોતાના આત્માથી જ પોતાનો સ્વાનુભવ થઈ શકે છે અને એ જ મોક્ષનો રાહ છે.

## ( ૫૧ ) ચારે ગતિમાં.....

આવી શક્તિ ચારે ગતિના દરેક આત્મામાં છે. પણ એની સન્મુખ થાય એને જ એની વ્યક્તિ થાય છે. નરકની ઘોર પ્રતિકૂળતા વચ્ચે પડેલો જીવ–જ્યાં હજારોલાખો વર્ષો સુધી અન્નનો દાણો કે પાણીનું ટીપું મળતું નથી, જ્યાં છેદન ભેદન–ઠંડી–ગરમી વગેરે તીવ્ર યાતનાનો પાર નથી ત્યાં એ પ્રતિકૂળતાની વચ્ચે પણ કોઈ કોઈ જીવો અંતર્સ્વભાવમાં ઊતરીને સ્વયં પોતાથી પોતાના સ્વભાવનું સ્પષ્ટ સ્વસંવેદન કરીને, સમ્યક્ત્વપ્રકાશ પ્રગટ કરે છે.–એવું સ્વસંવેદન કરનારા અસંખ્યાતા જીવો નરકમાં પણ છે. અહીંની પ્રતિકૂળતા (મોંઘવારી વગેરે) તો નરક પાસે શું હિસાબમાં છે? ત્યાંની પ્રતિકૂળતાની અહીં કલ્પના કરવી પણ મુશ્કેલ છે; છતાં ત્યાં સમ્યક્ત્વ

પામે છે તોપછી અહીં કેમ ન પામે? જાગીને અંતરમાં જુએ તો જરૂર પામે.

## (૫૨) આત્માની પુષ્ટિ કરનાર સ્વાનુભવરૂપી ઉત્તમ માલ

પોતાનો પ્રત્યક્ષ સ્વાનુભવ કરવા માટે રાગનું અવલંબન લ્યે એવો આત્માનો સ્વભાવ નથી; પણ રાગથી નિરપેક્ષ રહીને જ્ઞાન વડે પોતે પોતાનું સ્પષ્ટસ્વસંવેદન કરે એવી આત્માની શક્તિ છે. પરોક્ષપણું રહે કે અસ્પષ્ટ રહે–એ આત્માનો સ્વભાવ નથી, અંદર ઠેઠ સ્વભાવમાં ઊતરીને પરોક્ષનો પડદો તોડી નાંખે, આત્માને છાનો ન રહેવા દે, પોતે પોતાને પ્રત્યક્ષ કરે એવી સ્વાનુભવશક્તિ આત્મામાં છે. જુઓ, આ તો સ્વાનુભવનો અચિંત્ય માલ છે...સમ્યગ્દ્રષ્ટિ આવા સ્વાનુભવના ખોરાક વડે આત્માને પુષ્ટ કરે છે. એ સ્વાનુભવમાં વિકારનાં વેદન નથી. એમાં પરના અવલંબન નથી, એ તો સ્વયં પ્રકાશમાન છે અને વળી સ્પષ્ટ છે. ચૈતન્યને જોવામાં આંખનો આધાર નથી, એને અનુભવવામાં મનનું અવલંબન નથી, જ્ઞાનપર્યાય અંતરમાં વળીને સીધી જ્ઞાતાસ્વભાવને અવલંબે–એમાં આત્માનું સ્પષ્ટ પ્રત્યક્ષ સ્વસંવેદન થાય છે, એ બીજા બધાયથી નિરપેક્ષ છે. આવો નિરપેક્ષ અનુભવમાર્ગ છે એ જ મોક્ષમાર્ગ છે. ને એ જ આત્મશક્તિની પુષ્ટિ કરનાર ખરો માલ છે.

## (૫૩) ગણ્યા ગણાય નહીં અનુભવમાં સમાય

આત્મામાં અનંત શક્તિઓ છે.

વચનમાં બધી શક્તિઓ ન આવી શકે.

વિકલ્પમાં બધી શક્તિઓ ન આવે.

સ્વાનુભૂતિમાં બધી શક્તિનું વેદન સમાઈ જાય છે.

ગણ્યા ગણાય નહીં, અનુભવમાં સમાય, એટલા અનંતગુણો આત્મામાં છે.

## (૫૪) સ્વાનુભવ નિષ્કલંક છે; રાગ કલંક છે.
## સ્વભાવથી વિરુદ્ધ ભાવવડે સ્વભાવનું વેદન ન થાય.

ગુણ–ગુણીભેદના વિકલ્પમાં એવી તાકાત નથી કે તે ચૈતન્યસ્વભાવને સ્વાનુભવપ્રત્યક્ષ કરી શકે. અરે, ચૈતન્ય ભગવાન રાગ વગરનો, અને રાગવડે એ સ્વાનુભવ પ્રત્યક્ષ થાય એમ કહેવું તે તો એને કલંક લગાડવા જેવું છે. રાગના કલંક વગરનો નિષ્કલંક ચૈતન્યસ્વભાવ તે રાગના કલંક વડે અનુભવમાં કેમ આવે? કલંક વગરનો આત્મા તે રાગના કલંકમાં કેમ સમાય? અને એ કલંક ભગવાન આત્માના નિષ્કલંક સ્વભાવમાં કેમ પ્રવેશે? ન જ પ્રવેશે. એટલે રાગવડે–વિકલ્પવડે ચૈતન્યસ્વભાવમાં પ્રવેશાતું નથી. સ્વભાવનું સ્વસંવેદન કરનારો જે ભાવ છે તે સ્વભાવની જાતનો છે. ને રાગ તો સ્વભાવથી વિરુદ્ધ જાતનો છે. સ્વભાવની જાતના સમ્યક્ ભાવ વડે જ સ્વભાવનું વેદન થાય છે, સ્વભાવથી વિરુદ્ધભાવ વડે સ્વભાવનું વેદન થતું નથી. રાગ તો રંક છે, ને સ્વભાવ તો મોટો મહિમાવંત વીર છે, એ રંક રાગ વડે મોટો મહિમાવંત સ્વભાવ અનુભવમાં આવે નહિ. ને એ મહિમાવંત મોટા વીરસ્વભાવમાં તૂચ્છ રંક રાગનો પ્રવેશ થાય નહિ. વીરતામાં કાયરતા કેમ હોય? તેમ ચૈતન્યની વીરતામાં રાગની કાયરતા કેમ હોય?

ધર્માત્માને ચૈતન્યનારંગ ચડયા તે ઉતરે નહિ; એ ઠેઠ કેવળજ્ઞાન લીધે છૂટશે.

એક સમયની પર્યાય અનંતગુણના આખા પિંડને પોતાની પ્રતીતમાં–વેદનમાં–જ્ઞાનમાં લઈ લ્યે એવી અચિંત્ય અદ્‌ભુત તાકાત છે.

## ( ૫૫ ) કર્તાકર્મપણું નથી-જ્ઞાતા જ્ઞેયપણુ છે

પરના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં કાંઈ કરવાનું સામર્થ્ય આત્મામાં નથી, પણ તેને જાણવાનું સામર્થ્ય આત્મામાં છે. પરનું કર્તાપણું નથી પણ જ્ઞાતાપણું છે.

પરદ્રવ્યો તેમના પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયનાં કારણો છે, પણે તેઓ કાંઈ આ આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયનાં કારણો નથી અને આ આત્મા તેમનાં દ્રવ્ય ગુણપર્યાયનું કારણ નથી. એ વાત અકાર્ય–અકારણત્વશક્તિએ દર્શાવી.

હવે અકાર્ય–અકારણપણું હોવા છતાં પરસ્પરજ્ઞાતાજ્ઞેયપણું છે, અર્થાત્ આત્મા પરદ્રવ્યોને જ્ઞેયપણે જાણે છે, તેમજ સામા જ્ઞાતાજીવોના જ્ઞાનમાં પોતે પ્રમેય તરીકે જણાય છે. –આવી જ્ઞાતા જ્ઞેયપણાની શક્તિ આત્મામાં છે.

દરેક પદાર્થ પોતપોતાના આકારનું એટલે પોતપોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયનું જ કારણ છે, બીજાનું કારણ તે નથી ને તેનું કારણ બીજાું નથી.

કર્મનાં રજકણો તે કર્મનાં દ્રવ્ય–ગુણ–પર્યાયનું કારણ છે, પણ જીવનાં દ્રવ્યગુણપર્યાયનું કારણ તે નથી. જીવનાં તે પ્રમેય છે ને જીવ તેનો જ્ઞાતા છે. શરીરની ક્રિયાનો જીવ જ્ઞાતા છે પણ જીવ તેનું કારણ નથી. શરીરની ક્રિયામાં જીવે શું કર્યું ?–કાંઈ ન કર્યું, માત્ર જાણ્યું.

## ( ૫૬ ) સ્વસંવેદનમાં મોક્ષમાર્ગનો સમ્યક્ પુરુષાર્થ

ક્રમ અને અક્રમ બંને સ્વભાવ આત્મામાં એક સાથે છે. આવા આત્માને સ્વસંવેદનમાં લેતાં મોક્ષમાર્ગ થાય છે, તે જ પુરુષાર્થ છે.

એક શ્રુતપર્યાયમાં સ્વસંવેદનથી અનંત શક્તિવાળા આત્માનો નિર્ણય કરવાની તાકાત છે. આત્મા કેવો છે? કે અનંત ગુણો જેનામાં અક્રમે છે, ને પર્યાયો અક્રમ હોતી નથી, તે ક્રમેક્રમે હોય છે; આવા ક્રમ–અક્રમ બંને સ્વભાવથી એકરૂપ આત્મા–તેને જ્યાં સ્વસંવેદનમાં લીધો ત્યાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો પુરુષાર્થ સ્વાશ્રયે શરૂ થયો.

સર્વજ્ઞના જ્ઞાનનો અને પદાર્થના હોનહારનો નિર્ણય કરનાર જે સમ્યગ્જ્ઞાન છે તેમાં પરનું અકર્તાપણું છે ને એકલો જ્ઞાનભાવ જ રહ્યો છે. એકલું જ્ઞાતાપણું રહ્યું ને વિકારનું કર્તાપણું ન રહ્યું–એ જ સમ્યક્ ઉદ્યમ છે. વીર્યશક્તિ પણ આવી જ્ઞાનપર્યાયને રચે એ જ એનું ખરૂં કામ છે. દ્રવ્યની વૃત્તિ એટલે કે દ્રવ્યનું હોવાપણું–દ્રવ્યનું અસ્તિત્વ–ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ અસ્તિત્વમાં ક્રમ અને અક્રમ બંને ભાવો આવી જાય છે. એનો નિર્ણય કરનારું જે સમ્યગ્જ્ઞાન છે તે જ્ઞાનમાં શુદ્ધાત્માનો સદ્‌ભાવ છે, ને તેમાં વિકારનો અભાવ છે. હજી સાધકદશા છે, તે સાધક દશામાં પણ જે જ્ઞાન છે તે જ્ઞાન નિશ્ચયને

અવલંબનારું છે, ને રાગાદિ વ્યવહારથી જુદું છે. રાગ એના જ્ઞેયપણે છે, પણ રાગ તેના કાર્યપણે નથી.

## ( ૫૭ ) નિર્વિકલ્પતા કેમ થાય ?

ક્રમ–અક્રમરૂપ અનેકાન્તમય વસ્તુસ્વરૂપને જાણનારું જ્ઞાન પોતે પણ અનેકાન્તમય છે. આવા વસ્તુસ્વરૂપને નિર્ણયમાં લેવો તે જ નિર્વિકલ્પતાનું કારણ છે. યથાર્થ આત્મસ્વરૂપને નિર્ણયમાં લ્યે તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થયા વિના રહે નહીં. અહો, તારો અચિંત્યસ્વભાવ–જેમાં વિકાર નહીં, એ સ્વભાવનો નિર્ણય કરીને સ્વસન્મુખ થનારું જ્ઞાન રાગથી જુદું પડી જાય છે. માટે આવા સ્વભાવને નિર્ણયમાં લે તો તને નિર્વિકલ્પ અનુભૂતિનો પરમ આનંદ થશે.

## ( ૫૮ ) આકાશ કરતાંય મોટો

આકાશની અનંતતાનું સામર્થ્ય કેવું અપાર છે!! પણ એના કરતાં ય વધારે અનંતગણું સામર્થ્ય આત્માની એકેક શક્તિમાં છે ને એવી અનંતી શક્તિઓ આત્મામાં છે. એ શક્તિમાં નિશ્ચય વ્યવહારના ખુલાસા આવી જાય છે. શક્તિની જે નિર્મળ–પરિણતિ પ્રગટી તે નિશ્ચય છે, ને તેમાં અશુદ્ધતારૂપ વ્યવહારનો અભાવ છે. અથવા શક્તિને નિશ્ચય કહો તો તેની નિર્મળ પરિણતિ તે શુદ્ધ વ્યવહાર છે. આત્માની શક્તિનું અને તેની પરિણતિનું સામર્થ્ય એટલું મહાન છે કે અપાર આકાશને પણ પોતામાં જ્ઞેયપણે સમાવી દે છે. આ રીતે ભાવસામર્થ્યથી આત્મા આકાશ કરતાં ય મોટો છે.

## ( ૫૯ ) ઉપાદાન ધ્રુવ અને ક્ષણિક બંને સ્વભાવવાળું છે

ઉપાદાનમાં ધ્રુવપણું ને ક્ષણિકપણું બંને છે. બંને થઈને વસ્તુ છે. ગુણ અપેક્ષાએ ધ્રુવતા છે ને પર્યાયઅપેક્ષાએ ક્ષણિકતા છે. આ રીતે ધ્રુવતા અને ક્ષણિકતા બંને આત્માના ઉપાદાનમાં આવી ગયા. અને તેમાં નિમિત્ત પણ યથાયોગ્ય હોય છે.

## ( ૬૦ ) અનેકાન્ત

આ રીતે વસ્તુની શક્તિઓના નિર્ણયમાં

- o નિશ્ચય વ્યવહારનો,
- o ઉપાદાન–નિમિત્તનો
- o ક્રમપર્યાય અને અક્રમગુણનો
- o તથા અનેકાન્તનો

એ બધાયનો નિર્ણય પણ આવી જાય છે. અને આવો નિર્ણય થતાં જ્ઞાન, શ્રદ્ધા વગેરે ગુણો પોતપોતાની વાસ્તવિક (નિર્મળ) પરિણતિરૂપે પરિણમે છે, તે જ અનેકાન્તસ્વરૂપ આત્માનું ખરું પરિણમન છે.

## ( ૬૧ ) શક્તિનું કાર્ય શક્તિની જાતનું હોય; ચૈતન્યચક્રવર્તીની પરિણતિ વિકારી ન હોય

અજ્ઞાનીને એકલું વિકાર પરિણમન છે, તે વિકારને ખરેખર શક્તિનું કાર્ય કહેતા નથી. શક્તિનું કાર્ય તો શક્તિની જાતનું જ હોય, એનાથી વિરૂદ્ધ કેમ હોય? શક્તિના આશ્રયે નિર્મળપણે પરિણમે–તે જ શક્તિનું કાર્ય કહેવાય. જેમ ચક્રવર્તીની પટરાણી એવી ન

હોય કે બીજા પાસે ભીખ માંગતી હોય; તેમ આ ચૈતન્યચક્રવર્તીની નિર્મળ પરિણતિરૂપી પટરાણી–તે એવી ન હોય કે પરાશ્રય કરીને વિકારી થાય. અરે, તારા ગુણપર્યાયની સાચી સ્થિતિનું પણ ભાન તને ન હોય....એ તે કેવી ભ્રમણા !

## ( ૬૨ ) વિકલ્પને અવકાશ નથી......

## ધર્માત્માને પ્રતિબંધ નથી.

જ્ઞાનસ્વરૂપમાં વિકલ્પ નથી. "હું મારામાં ઠરું" એવા વિકલ્પનેય જ્ઞાનસ્વરૂપમાં અવકાશ ક્યાં છે? ઠરવારૂપ જે વીતરાગ પરિણતિ છે–તેમાં કાંઈ વિકલ્પ નથી, ને 'હું ઠરું' એવા વિકલ્પ વડે કાંઈ એ પરિણતિ થતી નથી.–તો પછી બીજા વિકલ્પની શી વાત ?

"ચારેકોરથી પ્રતિકૂળતાના ડુંગર તૂટી પડતા હોય–તો તે કેમ મારાથી સહન થશે !" એવા વિકલ્પનેય ધર્મીની નિર્મળ પરિણતિમાં અવકાશ નથી. અહા, સ્વભાવને અવલંબતી ધર્મીની જે નિર્મળ પરિણતિ ખીલી તેને રોકે–એવો કોઈ પદાર્થ જ ત્રણ કાળમાં ને ત્રણ લોકમાં નથી, એટલે કાળ કે ક્ષેત્રનો પ્રતિબંધ ધર્માત્માને છે જ નહિ, એની શક્તિ તો સ્વાશ્રયે ખીલતી જ જાય છે.

( વિશેષ આવતા અંકે )

# ધર્મધ્યાનરૂપી સુધાસમુદ્રમાં ડુબકી માર

હે આત્મન્! તું આત્માના પ્રયોજનને અંગીકાર કર, અર્થાત્ અન્ય પ્રયોજનોને છોડીને કેવળ આત્માના જ પ્રયોજનનો આશ્રય કર, તથા મોહરૂપી ગહનવનને છોડ. ભેદજ્ઞાનરૂપ વિવેકને તારો મિત્ર બનાવ. સંસાર–દેહ–ભોગોથી વિરકત થઈને વૈરાગ્યને ભજ. પરમાર્થથી શરીર અને આત્મામાં જે ભિન્નતા છે તેનું નિયતપણે ચિંતન કર. અને આ રીતે ધર્મધ્યાનરૂપી સુધાસમુદ્રમાં ઊંડો ઊતરીને અનંત સુખસ્વભાવથી વિકસિત એવા મુક્તિના મુખકમલને દેખ.

( જ્ઞાનાર્ણવ: ૪૨–૨ )

# સમકિતીની આત્મસાધના

( પરમાત્મ-પ્રકાશ-પ્રવચનોમાંથી )

**હે જીવ! આવો મનુષ્યઅવતાર, ને આત્માને સાધવાનો આવો અવસર ફરીફરી મળવો બહુ મોંઘો છે. માટે શુદ્ધાત્માને આદરણીય સમજીને તેને જ સાધવામાં સર્વ પ્રકારે તત્પર થા. સમ્યગ્દ્રષ્ટિ જ્યાં હોય ત્યાં સ્વદ્રવ્યમાં જ રત છે. મુમુક્ષુજીવે મુક્તિને માટે સ્વદ્રવ્યરૂપ ચૈતન્યરત્ન જ નિરંતર ચિંતવવા યોગ્ય છે. ચૈતન્યચિંતામણિના ચિંતવનથી જ સમ્યક્ત્વથી માંડીને સિદ્ધપદ સુધીનાં ઇષ્ટપદની પ્રાપ્તિ થાય છે.**

અતીન્દ્રિય આનંદ સાથે તન્યમ એવા આત્મસ્વભાવને જેણે ઉપાદેય કર્યો છે તે સમ્યગ્દ્રષ્ટિ છે; તે સમ્યગ્દ્રષ્ટિ કેવા છે? કે પોતાને પોતાથી જ જાણે છે. આત્મા આત્મા વડે જ જણાય છે, બીજા કોઈ વડે જણાતો નથી. જેણે અંતર્મુખ થઈને શુદ્ધાત્માને ઉપાદેય કર્યો તે જીવ નિયમથી નિકટભવ્ય છે. ભાઈ, તું પહેલાં નક્કી કર કે સુખને માટે મારે મારો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, રાગાદિ કોઈ પરભાવ મારે ઉપાદેય નથી.–આમ શ્રદ્ધા અને જ્ઞાન ચોકખાં કર તો તને રાગ વગરનું વીતરાગી સંવેદન પ્રગટે. પણ શ્રદ્ધા અને જ્ઞાન જ જેનાં ચોકખાં નથી, રાગને ઉપાદેય માને છે તેની તો શ્રદ્ધા જ વિપરીત છે, તેને રાગ વગરનું વીતરાગી સંવેદન થતું નથી. રાગને ઉપાદેય માને તે તો રાગના જ વેદનમાં અટકી રહે છે. સમકિતી તો સ્વદ્રવ્યમાં બુદ્ધિ જોડીને શુદ્ધાત્માને સાધે છે.

ભાઈ, રાગને ઉપાદેય કરવાથી ને ચિદાનંદ સ્વભાવને ભૂલવાથી તું એકલો ચાર ગતિમાં પરિભ્રમણ કરતો કરતો દુઃખ ભોગવી રહ્યો છે. અરે, આ દુઃખનો કકળાટ! આ અશાંતિ! એમાંથી તારે બહાર નીકળવું હોય ને આત્માની શાંતિ જોઈતી હોય તો સંતો તને એક મંત્ર આપે છે કે તારો આત્મા શુદ્ધ પરમાત્મા છે તેને ઉપાદેય કરીને તેનું જ રટણ કર. આ જગતમાં કાંઈ પણ શરણ હોય ને ક્યાંય પણ સુખ હોય તો તે શુદ્ધા–

ત્મામાં જ છે; બીજું કાંઈ શરણ નથી ને બીજે ક્યાંય કિંચિત્ સુખ નથી. માટે તારા શુદ્ધાત્માને દેહાદિથી અત્યંત ભિન્ન ઓળખ, તેનો આશ્રય કરીને તેનું શરણ લે, તેને ઉપાદેય કરીને તેમાં જ્ઞાનને જોડ. એ અતીન્દ્રિયસુખ છે. એ જ સમકિતીની આત્મસાધના છે.

સ્વદ્રવ્યમાં જે રત છે તે જ સમ્યગ્દ્રષ્ટિ છે. અને એ સમ્યગ્દ્રષ્ટિ સ્વદ્રવ્યમાં જ પરિણમતો થકો આઠે કર્મોને નષ્ટ કરે છે. સમ્યગ્દર્શન વગર સ્વદ્રવ્યમાં રતિ થાય નહિ, ને સ્વદ્રવ્યમાં લીનતા વગર મુનિદશા થાય નહિ, મુનિદશા વગર મુક્તિ થાય નહીં. સ્વદ્રવ્યમાં રતિવડે સમ્યગ્દર્શન થતાં જ ઘણાં કર્મો તો છૂટી ગયા, પછી તે જ ભાવમાં આગળ વધતાં વધતાં ચારિત્રદશા પ્રગટ થઈને સર્વે કર્મો છૂટી જાય છે, ને મુક્તિ પ્રગટે છે. આ સમકિતીની આત્મસાધનાની રીત છે. આ રીતે મુક્તિને માટે મુમુક્ષુજીવે સ્વદ્રવ્યરૂપ ચૈતન્યરત્ન જ નિરંતર ચિંતવવા યોગ્ય છે. ચૈતન્યચિંતામણિના ચિંતવનથી જ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીનાં ઇષ્ટપદની પ્રાપ્તિ થાય છે.

જુઓ, આ સમકિતીની આત્મસાધના! સ્વદ્રવ્યમાં રત સમ્યગ્દ્રષ્ટિ છે, તે તો કર્મોથી છૂટે છે; અને દેહાદિ પરદ્રવ્યમાં જે રત છે તે મિથ્યાદ્રષ્ટિ છે, તે બહુવિધ કર્મો બાંધીને સંસારમાં ભમે છે. શુદ્ધ ચૈતન્યભાવ હું છું–એમ સ્વદ્રવ્યને ઉપાદેય કરીને તેને જે નથી અનુભવતો તે એકલા રાગાદિને જ વેદે છે, પરદ્રવ્યને પોતાનું માને છે તે જીવ પરદ્રવ્યમાં જ રત છે. સ્વપરની ભિન્નતાને જે જાણે નહિ ને પરદ્રવ્યનું સ્વામીત્વ માને તેને પરમાંથી રતિ છૂટે નહિ અને તે સ્વમાં રત થાય નહિ.

શુભરાગને ધર્મનું કારણ માને કે મોક્ષનું સાધન માટે તે જીવ રાગમાં જ રત છે, વીતરાગી આત્મસ્વભાવને તે જાણતો નથી, તેમાં તે રત ક્યાંથી હોય! તેની તેને રુચિ નથી, અનુભૂતિ નથી. પરમાત્મસ્વભાવથી વિમુખ થઈને તેનાથી વિપરીત એવા દેહની જાતિ–કૂળ–રૂપ વગેરેના મદમાં જે રોકાય છે તે મિથ્યાદ્રષ્ટિ છે. અમારી જાતિ ઉત્તમ, અમારું રૂપ ઉત્તમ–એમ દેહની જાતિનાં અભિમાન કરે છે ને તેમાં જ લીન રહે છે તે દેહબુદ્ધિ બહિરાત્મા છે. અરે ભાઈ! તારી જાતિ તો ચૈતન્ય છે, દેહની જાતિ તારી નથી, તારું કૂળ તો સિદ્ધોનું ને તીર્થંકરોનું છે; તારું રૂપ તો શુદ્ધચેતના રૂપ છે. દેહનું રૂપ કાંઈ તારું નથી. અહા, ચૈતન્યરૂપ જગતમાં સર્વોત્કૃષ્ટ છે, એમ સમ્યગ્દ્રષ્ટિ તો નિજ ચૈતન્યરૂપને જ ઉત્તમ જાણે છે ને દેહરૂપને પોતાથી ભિન્ન સમજે છે; "ચેતનરૂપ અનુપ અમૂરત.....સિદ્ધસમાન સદા પદ મેરો"......આવા આત્માને જે અનુભવે તેને જડના ઢીંગલાનું અભિમાન કેમ થાય? એ જ રીતે ચૈતન્યવિદ્યા જ જગતમાં સર્વોત્કૃષ્ટ છે એટલે ચૈતન્ય વિદ્યા પાસે બીજી કોઇ વિદ્યાની મહત્તા ધર્મીને ભાસતી નથી. અજ્ઞાનીને બહારનું કંઈક જાણપણું થાય ત્યાં જાણે કે અમે મોટા જાણકાર....પણ અરે મૂઢ! ધર્માત્માએ ચૈતન્ય–

વિદ્યાથી આત્માને જાણ્યો છે એ ચૈતન્યવિદ્યાની મહત્તા પાસે તારી હજારો વિદ્યાની પણ કાંઈ ગણતરી નથી; માટે એમાં અભિમાન શા ?

વળી જે ધર્માત્મા છે, જેને ધર્મનો ખરો પ્રેમ છે તે લોકવ્યવહારમાં જે ધર્મથી વિરુદ્ધ હોય તેને આદરે નહિ. ધર્મથી વિરુદ્ધ એવા કુદેવાદિને કે તે કુદેવાદિના પોષક માણસોને પણ તે આદરે નહીં; ધર્મથી વિરુદ્ધ હોય એવા સ્થાનમાં પોતાની પુત્રી વગેરેને આપે નહિ; વળી લોકમૂઢતાને તે સેવે નહિ, એટલે અમુક નદીમાં નહાવાથી પુણ્ય થશે, પીપળો વગેરે અમુક ઝાડ વગેરે પૂજ્ય છે, કોઈ સ્ત્રીને સતિ કહેવી ને વળી તેને પાંચ પતિ કહેવા–એ બધા લોકમૂઢતાના પ્રકારો છે, ધર્મીજીવને એવી લોકમૂઢતા હોય નહિ. સર્વજ્ઞનું સ્વરૂપ શું, વીતરાગી નિર્ગ્રંથ–મુનિ કેવા હોય, તેમની કહેલી વાણીરૂપ શાસ્ત્રો કેવા હોય–એનું સ્વરૂપ સમ્યગ્દ્રષ્ટિ બરાબર ઓળખે છે, એ દેવ–ગુરુ–શાસ્ત્ર તો સર્વોત્કૃષ્ટ પદાર્થો છે, તેમાં ધર્મીજીવને મૂઢતા હોય નહિ. સર્વજ્ઞના સ્વરૂપમાં જેને સંદેહ ન હોય, સર્વજ્ઞસ્વરૂપનો પરમ આદર હોય, એ જ રીતે મુનિદશાનો પણ મહાન આદર હોય.–એમાં ધર્મીજીવ જરાય ઢીલાશ ન રાખે. જેઓ કુદેવાદિને છોડતો નથી તેને માટે કહે છે કે અરે, આ લોકમાં સર્પને દેખીને તો ભયભીત થઈને લોકો ભાગે છે, પરંતુ જેનું સેવન સર્પ કરતાંય વધુ અહિતકારી છે એવા કુગુરુના સેવનને જીવો છોડતા નથી. સર્પનું વિષ બહુ તો એકવાર મારે છે, પણ કુગુરુના સેવનમાં જે મિથ્યાભાવ છે તેનાથી તો સંસારમાં અનંતવાર મરણ થાય છે. માટે ધર્મનો જેને ખરો પ્રેમ હોય તે એવા કુદેવ કુગુરુના સેવનને છોડે છે.

જીવ સ્વદ્રવ્યને ભૂલીને, અજ્ઞાનથી પરદ્રવ્યમાં જ એકત્વબુદ્ધિવડે રત થઈને પાંચ પરાવર્તનરૂપ સંસારમાં ભટકી રહ્યો છે. સંસારમાં રખડતાં ચારગતિમાં એવું કોઈ શરીર નથી કે જે તેણે ધારણ કર્યું ન હોય, એવું કોઈ ક્ષેત્ર લોકમાં નથી કે જ્યાં તે ન જન્મ્યો હોય; એવો કોઈ ઉત્સર્પિણી કે અવસર્પિણીનો કાળ નથી કે જેમાં તેણે જન્મ–મરણ કર્યા ન હોય, એવો કોઇ મિથ્યાદ્રષ્ટિનો ભવ નથી કે જે તેણે ધારણ કર્યો ન હોય; સ્વર્ગમાં અસંખ્યાત વર્ષના આયુષ્યપણે ઉપજી આવ્યો ને નિગોદમાં એક શ્વાસમાં ૧૮ વાર પણ જન્મ્યો ને મર્યો. એકેય ભવ બાકી નથી રાખ્યો. અને મિથ્યાદ્રષ્ટિને યોગ્ય એવા કોઈ અશુદ્ધભાવો બાકી નથી કે જે સંસારભ્રમણમાં જીવે ન સેવ્યા હોય, ઉત્કૃષ્ટ પાપ ભાવ ને ઉત્કૃષ્ટ ( મિથ્યાદ્રષ્ટિને યોગ્ય ) પુણ્યભાવ જીવ કરી ચૂક્યો છે પણ ચૈતન્યની શુદ્ધતાનો ભાવ તેણે કદી પૂર્વે પ્રગટ કર્યો નથી. કુંદકુંદસ્વામી કહે છે કે દ્રવ્યકર્મ–ભાવકર્મ ને નોકર્મ એ બધા પરદ્રવ્ય છે, તે પરદ્રવ્યમાં જે રત છે, ને તેનાથી ભિન્ન સ્વદ્રવ્યને જે જાણતો નથી તે જીવ સાધુના વ્રતો ધારણ કરે તોપણ મિથ્યાદ્રષ્ટિ જ છે, ને મિથ્યાદ્રષ્ટિપણાને લીધે

મિથ્યાત્વરૂપ પરિણમતો થકો દુઃખદાયી આઠકર્મોને તે બાંધે છે. જે નર–નારકાદિ અશુદ્ધ પર્યાયોમાં લીન છે તે પર્યાયમૂઢ–પરસમય મિથ્યાદ્રષ્ટિ છે, અને જે ઉપયોગલક્ષણરૂપ નિજભાવમાં સ્થિત છે તે સ્વસમય–સમ્યગ્દ્રષ્ટિ છે, એમ સમયસાર–પ્રવચનસાર વગેરેમાં કહ્યું છે. સ્વસમયમાં સ્થિરતારૂપ જે સમ્યગ્દર્શનાદિ છે તે જ ઉપાદેય છે–એમ જાણો. અને એનાથી પરાઙ્મુખ એવું જે પરસમયપણું તે હેય છે–એમ જાણો. જેટલો સ્વભાવભાવ છે તેટલું સ્વસમયપણું છે, ને જેટલો પરભાવ છે તેટલું પરસમયપણું છે. સમ્યગ્દ્રષ્ટિને ચોથા ગુણ– સ્થાનથી જ સ્વસમયપણાનો પ્રારંભ થઈ ગયો છે; અને જેટલો રાગાદિ પરભાવ છે તેને પરસમય જાણીને, તેમાં તે લીન થતો નથી. અજ્ઞાની તો રાગાદિરૂપ વ્યવહારક્રિયાને જ જાણે કે તે સ્વસમય જ હોય એવા રસથી ભેટે છે–તેમાં લીન થઈને વર્તે છે, તેને શુદ્ધ પરિણતિરૂપ આત્મવ્યવહારની ખબર નથી, પરિણતિદ્વારા શુદ્ધઆત્માને તે ભેટતો નથી, પણ પરદ્રવ્યને ભેટે છે; ‘હું મનુષ્ય જ છું’ એમ માનીને શરીર સાથે એકત્વબુદ્ધિથી તે વર્તે છે, એટલે મનુષ્યવ્યવહારને જ તે પોતાનો વ્યવહાર જાણે છે, પણ શુદ્ધચેતનારૂપ આત્મવ્યવહારને તે ઓળખતો નથી.

હે જીવ! સ્વસમય શું ને પરસમય શું એને ઓળખ. આવો મનુષ્ય અવતાર ને આત્માને સાધવાનો આવો અવતાર ફરી ફરી મળવો બહુ મોંઘો છે. સમ્યગ્દ્રષ્ટિ જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં સ્વદ્રવ્યમાં જ રત છે, એટલે કે સર્વત્ર આત્માપણે જ તે રહ્યો છે. નરકમાં કે સ્વર્ગમાં રહેલો સમ્યગ્દ્રષ્ટિ નારકી થઈને કે દેવ થઈને નથી રહ્યો પણ ‘હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું’ એમ આત્મા થઈને જ રહ્યો છે. અને મિથ્યાદ્રષ્ટિ જ્યાં હોય ત્યાં પરદ્રવ્યને જ પોતાનું માનીને પરસમયરૂપ થઇને રહ્યો છે. મિથ્યાદ્રષ્ટિને બહિરાત્મા કહો કે અનાત્મા કહો કે પરસમય કહો, અને સમ્યગ્દ્રષ્ટિને અંતરાત્મા કહો, સ્વસમય કહો કે આત્મરૂપ થઈને રહ્યો–એમ કહો. અહા, સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિમાં કેટલો ફેર? ભેદજ્ઞાન થયું ને દ્રષ્ટિ પલટી ત્યાં બધું પલટી ગયું. અનાદિથી વિભાવ હોવા છતાં જ્યાં આત્માના સ્વભાવનું સમ્યક્ભાન કર્યું ત્યાં તે વિભાવો ક્ષણમાત્રમાં છૂટી જાય છે. વિભાવને ટાળવાનો એક જ ઉપાય કે આત્માનું સમ્યક્ભાન. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–

**કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય,**
**તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.**

સમ્યગ્જ્ઞાન થયા પછી જે અલ્પ રાગાદિ રહે છે તેમાં ધર્મીને લીનતા નથી. એનાથી ભિન્ન નિજસ્વરૂપને જાણ્યું છે, એટલે સ્વરૂપની સાધના ઉગ્ર કરીને તે રાગને નષ્ટ કરતો જાય છે. અજ્ઞાની તો રાગ અને સ્વરૂપની જુદાઈ જ જાણતો નથી, કોને સાધવું ને

કોને છોડવું તેની જ તેને ખબર નથી. સાધવા યોગ્ય મારું શુદ્ધ સ્વરૂપ શું છે, ને એનાથી બહારના છોડવા જેવા પરભાવો કયા છે–એનો નિર્ણય કર્યા વગર જીવ પરભાવને છોડી શકે નહિ ને સ્વભાવને સાધી શકે નહિ. ભાઈ, તારો આત્મા અભેદ રત્નત્રયરૂપ પરિણમવાના સ્વભાવવાળો છે, તે જ તારે ઉપાદેય ને આદરણીય છે. કર્મબંધના કારણરૂપ જે મિથ્યાત્વાદિ પરભાવો છે તે તારે આદરણીય નથી પણ હેય છે. માટે શુદ્ધઆત્માને આદરણીય સમજીને તેને જ સાધવામાં સર્વપ્રકારે તત્પર થા. શુદ્ધાત્મારૂપ સ્વદ્રવ્યમાં બુદ્ધિ જોડીને તેમાં રત થવું તે સમકિતીની આત્મસાધના છે.

## અડગ મેરુ પર્વત

જેમ મેરુપર્વત ગમે તેવા પવનથી પણ ડગતો નથી; તેમ આ ચૈતન્યમેરુ–આત્મસ્વભાવ તે વિકારરૂપી પવનના તરંગવડે ડોલી જતો નથી. ચૈતન્યમેરુ નિજસ્વરૂપથી કદી ચ્યૂત થતો નથી. અને આવું નિજસ્વરૂપ જેણે પ્રતીતમાં–અનુભવમાં લીધું એવા જીવની સમ્યક્ત્વપરિણતિ પણ એવી અડોલ છે કે પ્રતિકૂળ સંયોગના ગમે તેવા તોફાનથી પણ તે ડગતી નથી; જેમ ચૈતન્યમેરુ અડગ છે તેમ તેના આશ્રયે ખીલેલી પરિણતિ પણ અડગ છે; સંયોગના વાયરા એને ડોલાવી ન શકે.

# હે જીવ !

# સુખ વિષયોમાં નથી, સુખ આત્મામાં છે.

( પરમાત્મ-પ્રકાશ-પ્રવચનોમાંથી )

**અરે જીવ! બાહ્ય વિષયોમાં તારો અનંત અનંત કાળ વીતી ગયો છતાં સુખની ઠંડી હવા પણ તને ન મળી. માટે જરાક વિચાર.....ને એ તરફથી પાછો વળ.... જ્ઞાનચક્ષુથી એકવાર આત્મા તરફ જો....તો તને તત્ક્ષણ અપૂર્વ સુખ થશે.**

હે જીવ! તારાથી ભિન્ન એવા શરીર–કુટુંબ વગેરેને તું મૂઢતાથી પોતાના માની રહ્યો છે, અને તારાથી જે અભિન્ન છે એવા અતીન્દ્રિય સુખ સ્વભાવને તું કેમ જાણતો નથી? પૈસા–કુટુંબ વગેરે કોઈ પરદ્રવ્ય તને સુખ તો આપતા નથી, એને પોતાના માનવાથી તને માત્ર દુઃખ જ મળે છે. અરે, તારો આત્મા પોતે અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. આવા અતીન્દ્રિયસુખથી ભરેલા આત્મામાં પરદ્રવ્યનું શું પ્રયોજન છે? પરદ્રવ્ય તને ક્યાં શાંતિ આપે છે? અરે, તારા આનંદસ્વભાવની પ્રાપ્તિમાં શરીર તને શું કામનું છે? પૈસા તને શું કામના છે? તું પરદ્રવ્યને પોતાનું માનીને તેમાંથી સુખની આશા રાખે છે તે તારી મૂર્ખતા છે. જ્યાં ચૈતન્યસુખને ભૂલ્યો ને લક્ષ્મી–શરીર વગેરે બહારમાં સુખ માન્યું ત્યાં તે મૂઢ જીવ એ પરપદાર્થોની પ્રાપ્તિ માટે અનેક પ્રકારનાં પાપ, હિંસા–જૂઠું–ચોરી–કાળાબજાર વગેરે પાપો કરે છે. અરે, દુઃખનાં કારણોને જીવ સુખહેતુ સમજીને સેવી રહ્યો છે....વિષયો દુઃખનાં જ કારણો છે છતાં મૂઢ જીવ તેમાં સુખબુદ્ધિથી રમે છે, તેને જ સુખનાં કારણ સમજીને સેવે છે. આત્માના સ્વભાવનું સેવન તે જ એક સુખ છે. કોઈ પણ પરના સેવનની વૃત્તિ ઊઠી તે દુઃખ જ છે, પરના સેવનમાં સુખ માને તે સ્વદ્રવ્ય તરફ ક્યારે આવે? પરમાં સુખની નાસ્તિ છે છતાં ત્યાં સુખનું અસ્તિત્વ માને છે, ને આત્મા સુખસ્વભાવથી ભરેલો છે છતાં તેને પ્રતીતમાં લેતો નથી. આ મૂઢ જીવનું લક્ષણ છે.

ધર્માત્માએ સ્વસન્મુખ થઈને ચૈતન્યના આનંદને જોયો છે, અનુભવ્યો છે, એટલે

જગતના કોઈ પરદ્રવ્યમાં સુખની કલ્પના તેને થતી નથી. એક સ્વદ્રવ્ય સિવાય બીજે ક્યાંય તેને ઉપાદેયબુદ્ધિ થતી નથી. પરવિષયોમાં સુખ માને તે તેના કારણરૂપ શુભરાગમાં પણ સુખ માન્યા વિના રહે નહીં. એ જ રીતે જે જીવ શુભરાગને ધર્મ કે ઉપાદેય માને તે જીવ તે રાગના ફળમાં પણ સુખ માને છે–એટલે રાગમાં સુખ માનનાર (રાગને ધર્મનું સાધન માનનાર) જીવને વિષયોની આસક્તિ ખરેખર કદી મટતી નથી. રાગમાં જે આસક્ત છે તે વિષયોમાં જ આસક્ત છે. રાગ અને વિષયો બંને એક જ જાતના છે. ચૈતન્યસ્વભાવ એ બંનેથી જુદી જાતનો છે, આત્માનું સુખ રાગથી ને વિષયોથી બંનેથી પાર છે. આવા ચૈતન્યસુખને જે જાણે છે તે કદી રાગમાં કે વિષયોમાં રત થતા નથી.

**જ્ઞાનકલા જિસકે ઘટ જાગી તે જગમાંહી સહજ વૈરાગી;**
**જ્ઞાન મગન વિષયસુખમાંથી યહ વિપરીત, સંભવે નાંહી.**

જ્ઞાન થાય, આત્માના સુખનો અનુભવ થાય અને વિષયસુખોમાં મગ્નતા પણ રહે એ બંને એકબીજાથી વિપરીત છે, જ્ઞાનીને વિષયસુખમાં મગ્નતા હોય એવું વિપરીતપણું કદી સંભવતું નથી. એ તો જગતમાં સહજ વૈરાગી છે. જ્ઞાનકળા જાગી ત્યાં વિષયોમાં કે રાગમાં અત્યંત ઉદાસીનતા થઈ જાય છે. અરે, ચૈતન્યસુખને જે નથી જાણતો તે વિષયોની અત્યંત તૃષ્ણાથી અનેક પાપો કરે છે, ને ચાર ગતિનાં દુઃખો ભોગવે છે. ચૈતન્યને ભૂલીને શુભભાવ કરતો હોય ને તેમાં સુખ માનતો હોય તે જીવ પણ ખરેખર વિષયોમાં જ મગ્ન છે. અને સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા વિષયોથી વિમુખ થઈને ચૈતન્યસ્વભાવના સુખને વેદે છે. સમ્યગ્દર્શન થયું ત્યાં જ વિષયસુખોથી પરાંગ્મુખતા થઈ ને અતીન્દ્રિય સુખનો અનુભવ શરૂ થઈ ગયો. અંતરાત્મા, અંતરમાં ચૈતન્યસુખનો સ્વાદ ચાખીને બહિરવિષયોથી વિમુખ થાય છે. અને બહિરાત્મા બહારના વિષયમાં સુખ માનીને ચૈતન્ય સ્વભાવથી પરાંગ્મુખ વર્તે છે, અને એકલા દુઃખોને જ વેદે છે. ભાઈ વિષયો તો પાપ છે, પાપમાંથી સુખ કેમ મળે? અરે, જ્યાં અનંત સુખ ભરેલું છે ને જ્યાં દુઃખ લેશમાત્ર નથી એવા આત્મામાં તું પ્રેમ કેમ નથી કરતો? અને જ્યાં એકલું દુઃખ જ છે ને સુખનો અંશ પણ નથી એવા બાહ્ય વિષયોમાં તું પ્રેમ કેમ કરે છે? અરે જીવ! બાહ્યવિષયોના સેવનમાં તારો અનંત અનંત કાળ વીતી ગયો છતાં સુખની ઠંડી હવા પણ તને ન મળી માટે જરાક વિચાર.....એ તરફથી પાછો વળ ને જ્ઞાનચક્ષુથી વિવેક કર એકવાર આત્મા તરફ જો. આત્મામાં સુખ છે તેને દેખ, શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે–

**‘અનંત સુખ નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા,**
**અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા!**
**ઉઘાડ ન્યાયનેત્રને નીહાળ રે નીહાળ તું,**
**નિવૃત્તિ શીઘ્રમેવ ધારે તે પ્રવૃત્તિ બાળ તું.’**

# આ માસની વિવિધ વાનગી

( મહા માસ )

## સ્વાનુભૂતિ

* શુદ્ધાત્મ–અનુભૂતિરૂપ જ્ઞાન જ મોક્ષમાર્ગનું સાધક છે.
* બાર અંગમાં પણ શુદ્ધાત્મઅનુભૂતિ જ કરવાનો ઉપદેશ છે.
* જેણે શુદ્ધાત્મ–અનુભૂતિ કરી તેણે બારે અંગનો સાર મેળવી લીધો.
* શુદ્ધાત્મઅનુભૂતિ થઈ ત્યાં અમુક શાસ્ત્રો ભણવા જ પડે એવો કોઈ પ્રતિબંધ નથી.
* જ્ઞાતા સ્વસત્તાના અવલંબને સ્વાનુભૂતિથી મોક્ષમાર્ગ સાધે છે.
* અહો, સ્વાનુભૂતિનો અચિંત્ય મહિમા છે, એ જ ખરી વિદ્યા છે.
* શુદ્ધઆત્મા અનુભૂતિમાં જ પ્રકાશે છે.
* પરાશ્રયભાવના ડુંગરા ખડકે તો પણ તેમાંથી મોક્ષમાર્ગ ન નીકળે.
* સ્વાલંબનની કણિકા જાગે તેમાંથી મોક્ષમાર્ગ નીકળે.
* આત્મઅનુભવ પરદ્રવ્યકી સહાયતાસે રહિત હૈ.

અરે જીવ ! તારી જ્ઞાનધારામાં પણ જેટલું પરાવલંબીપણું છે તે મોક્ષનું કારણ નથી તો પછી સર્વથા પરાવલંબી એવો રાગ તો મોક્ષનું કારણ ક્યાંથી હોય ?

### સ્વહિત સાધવાનો સોનેરી અવસર

અરે, આવો દુર્લભ અવસર પામીને પણ હે જીવ ! જો તેં તારા સ્વજ્ઞેયને ન જાણ્યું ને સ્વાશ્રયે મોક્ષમાર્ગ ન સાધ્યો, તો તારું જીવન વ્યર્થ છે. આ અવસર વીતી જતાં તું પસ્તાઈશ. માટે સાવધાન થઈને, સ્વહિત સાધવામાં તત્પર થા. સ્વહિત સાધવાનો આ સોનેરી અવસર છે.

# સાધકપણાની અને સિદ્ધ થવાની ભૂમિકા

**ફાગણ સુદ એકમે પૂ. ગુરુદેવ સોનગઢ પધારતાં જ સુવર્ણધામના રળિયામણા વાતાવરણમાં, સાધકપણું થઈને સિદ્ધપદ કેમ થાય, તેની મધુરી વાણી વહેતી થઈ.... સમયસારમાં (કળશ ૨૬૬થી) વાંચન અધુરું રહેલ, તે ફરી ચાલુ કરેલ છે.....**

આજે માંગલિકમાં સાધકપણું પામીને સિદ્ધ થવાની વાત આવી. અનંત ચૈતન્ય–શક્તિવાળો જે આત્મા, તેનો આશ્રય કરવાથી જ સાધકપણું થાય છે. જેઓ કોઈ પણ પ્રકારે ઉદ્યમ કરીને મોહને દૂર કરી જ્ઞાનસ્વભાવનો આશ્રય કરે છે તેઓ સાધક થઈને સિદ્ધ થાય છે.

જેણે આત્માનું હિત કરવું હોય તેણે કઈ ભૂમિમાં વસવું? કે આ ચૈતન્યભૂમિ, કે જે અકંપ છે–તેનો આશ્રય કરવો. આ ચૈતન્યભૂમિકાનો જેઓ આશ્રય કરે છે તેઓ જ સાધકપણાને પામે છે....ને એના જ આશ્રયે પછી સિદ્ધપણું પ્રગટે છે. આવી ચૈતન્ય–ભૂમિકાના આશ્રયથી જ અનંતજ્ઞાનીઓએ માર્ગ સાધ્યો છે, સાધે છે ને સાધશે.–આ એક જ માર્ગ છે, બીજો માર્ગ નથી.

ભાઈ, તારા તત્ત્વમાં બે મોજુદગી છે–એક તારું ત્રિકાળી તત્ત્વ ને બીજી તારી વર્તમાન પર્યાય; પણ એ સિવાય પરની કોઈની મોજુદગી તારામાં નથી. ભાઈ, તારે સાધકપણું કરવું છે ને? તો કઈ ભૂમિકાના આધારે તું સાધકપણું પ્રગટાવીશ? તારી સ્વવસ્તુ નિશ્ચલ છે, તે જ તને સાધકપણાનો આધાર થાય એવી દ્રઢભૂમિકા છે. પરનો આધાર લેવા જઈશ તો એ કાંઈ તને આધાર નહિ આપે. ચૈતન્યભૂમિકાના આશ્રય વગર સંસારભ્રમણ ટળી શકે નહિ.

અરે, તારી ચૈતન્યભૂમિકા.....તેનો તેં અનાદિથી કદી આશ્રય ન લીધો. બહારના આશ્રયમાં દુઃખના ઢગલા છે–ત્યાં તું પ્રેમ કરી રહ્યો છે? ને સ્વભાવના આશ્રયમાં પરમ અચિંત્ય સુખ છે એની સાથે તું પ્રેમ અને મિત્રતા કેમ નથી કરતો? હિતને માટે કંઈક વિચાર કર....વિવેકચક્ષુ ખોલ.

સાધકપણાનું પરિણમન સ્વદ્રવ્યના આશ્રયે થાય છે. બાહ્ય પ્રવૃત્તિના શુભાશુભ પરિણામના આશ્રયે કાંઈ સાધકપણું થાય નહિ. તારે સાધક થવું છે ને? તો સાધક થવા માટે કઈ ભૂમિકા છે તે નક્કી કર. સાધકપણું એટલે શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર; આત્માનો જે જ્ઞાનભાવ સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમ્યો તે સાધકભાવ છે, ને તે જ જ્ઞાનભાવ જ્યારે પૂર્ણદશારૂપે પરિણમે ત્યારે સિદ્ધપણું છે. આ રીતે સાધકપણું ને સિદ્ધપણું એ બંનેરૂપે જ્ઞાન જ પરિણમે છે. માટે આ જ્ઞાનભૂમિકાનો જે આશ્રય કરે છે તેને જ સાધકપણું અને સિદ્ધપણું પ્રગટે છે.

# વિ....વિ....ધ.... વ....ચ....ના....મૃ....ત

આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક–૬

(વિવિધ વચનામૃતનો આ વિભાગ પ્રવચનોમાંથી, શાસ્ત્રોમાંથી તેમજ રાત્રિચર્ચા વગેરે પ્રસંગો ઉપરથી તૈયાર કરવામાં આવે છે)

## (૧૨૮) ક્ષેત્ર એક; ભાવમાં મોટો ફેર

જ્યાં અનંતા સિદ્ધો તે જ ઠેકાણે અનંતા નિગોદ.

સિદ્ધોને અનંત ઉત્કૃષ્ટસુખ....નિગોદને અનંત ઉત્કૃષ્ટદુઃખ.

સિદ્ધોનું સુખ અતીન્દ્રિય છે, ઇન્દ્રિયજ્ઞાન વડે તેનો ખ્યાલ ન આવે.

નિગોદનું દુઃખ પણ અતીન્દ્રિય છે, ઇન્દ્રિયજ્ઞાનવડે તેનો ખ્યાલ ન આવે.

સિદ્ધોને બહારના કોઈ સંયોગ સુખનું કારણ નથી.

નિગોદને પણ બહારના કોઈ સંયોગનું દુઃખ નથી.

સિદ્ધો પોતાના ભાવથી જ સુખી છે.

નિગોદ પોતાના ભાવથી જ દુઃખી છે.

એક જ જગ્યાએ રહેલા બે જીવોઃ પણ બંનેના ભાવમાં કેટલો ફેર!

## (૧૨૯) સિદ્ધપદનો સોનેરી અવસર

અરે જીવ! મનુષ્યજીવનનો સોનેરી અવસર તને મળ્યો છે, તો તેમાં સિદ્ધપદનું સાધન કરીને તેને સફળ બનાવ. સિદ્ધપદની પ્રાપ્તિનો આ સોનેરી અવસર છે–એમ સમજીને પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કર.

## (૧૩૦) પાંચ પગથિયા...પંચમ ગતિના

(૧) જ્ઞાની પાસેથી સાચા માર્ગનું શ્રવણ કરે.

(૨) આત્મહિત સાધવાની જિજ્ઞાસા જગાડે.

(૩) આત્મહિતના માર્ગનો બુદ્ધિવડે નિર્ણય કરે.

(૪) આત્મહિત સાધવાની અંતરથી ખરી લગની લગાડે,

(૫) તેને સતત અંતરપ્રયત્નવડે અલ્પકાળમાં સ્વાનુભવ થાય, સ્વાનુભવ વડે સિદ્ધપદ પમાય.




સોનગઢમાં ફાગણ સુદ એકમની રાત્રે (બ્ર. દયાબેનના પિતાજી) ભાઈશ્રી શિવલાલ ખીમચંદ (મોરબીવાળા) સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા થોડા દિવસથી બિમાર હતા. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો પ્રેમ હતો, છેલ્લા અનેક વર્ષોથી તેઓ સોનગઢ રહેતા હતા. જીવનમાં અનેક પ્રકારની મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે પણ તત્ત્વપ્રેમ તેમણે ટકાવી રાખ્યો હતો. સ્વર્ગવાસની રાત સુધી પણ તેઓ પ્રેમથી તત્ત્વશ્રવણ કરતા હતા ને પોતે પણ બોલતા હતા....તથા ધર્માત્માઓના દર્શન કરવાની ઘણી ભાવના કરતા હતા. એવી ભાવનાપૂર્વક રાત્રે તેઓ સ્વર્ગવાસ પામી ગયા. એ ભાવનાના પ્રતાપે ફરી ધર્માત્માઓનો સંગ પામીને તેઓ આત્મહિત સાધે....એ જ ભાવના.

બોટાદના ભાઈશ્રી દામોદરદાસ રાયચંદ ગાંધી મુંબઈ મુકામે તા. ૩–૩–૬૫ના રોજ અચાનક હૃદય બંધ પડી જવાથી સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો. દરેક દિવાળીએ તેઓ સોનગઢ આવતા. સ્વર્ગવાસના આગલા દિવસ સુધી આખો દિવસ તેઓ ઓફિસ પણ ગયેલા, ને બીજે દિવસે તો સ્વર્ગવાસ પામી ગયા. અરે, સંસારની કેવા ક્ષણભંગુરતા છે! ધર્મપ્રેમમાં આગળ વધીને તેમનો આત્મા આત્મહિત સાધે...એમ ઈચ્છીએ છીએ.

લીંબડી શહેરના ભાઈશ્રી ફૂલચંદ ગુલાબચંદ સંઘવી ૬૨ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાથી તા. ૧૧–૨–૬૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. લીંબડી મુમુક્ષુમંડળના તેઓ એક આગેવાન અને ઉત્સાહી કાર્યકર હતા. લીંબડી શહેર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. જિનમંદિરમાં પૂજન–ભક્તિ–વાંચન વગેરે દરેક કાર્યોમાં તેઓ ઉત્સાહથી ભાગ લેતા હતા. ગુરુદેવ પ્રત્યે તેઓ ઘણો ભક્તિભાવ ધરાવતા હતા. તેમના સ્વર્ગવાસથી લીંબડીના મુમુક્ષુમંડળને એક ઉત્સાહી કાર્યકરની ખોટ પડી છે. દેવ–ગુરુ–ધર્મની સેવાના પ્રતાપે તત્ત્વપ્રેમમાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે....એમ ઈચ્છીએ છીએ.

સોનગઢમાં મહા વદ બીજના રોજ ચુડાવાળા શ્રી ચંચળબેન ગીરધરલાલ એકાએક હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા. તબીયતની મુશ્કેલી છતાં સોનગઢમાં સત્સમાગમમાં જ જીવન વીતાવવાની તેમની ઉત્કંઠા હતી. સ્વર્ગવાસના આગલા દિવસ સુધી તેઓ જિનમંદિર દર્શન વગેરે માટે આવેલા હતા, છેલ્લે દિવસે પણ ઘરનું બધું કામકાજ જાતે કરેલું, ને સાંજે છાતીમાં દુઃખાવો ઉપડતા એકાએક સ્વર્ગવાસ પામી ગયા. તેમની ઉંમર લગભગ ૬૫ વર્ષની હતી. સત્સમાગમની ભાવના અને તત્ત્વ સમજવાની જિજ્ઞાસાના પ્રતાપે તેઓ આત્મહિત સાધે....એમ ઈચ્છીએ છીએ.

ભક્તામર–સ્તોત્રઃ ( અનુસંધાન પાનું 4A થી ચાલુ )

ભગવાનના ખરા ભક્તનું લક્ષ તો આત્માની શુદ્ધિ ઉપર જ છે. ભગવાને જેવું કર્યું તેવું જ તે કરવા માંગે છે, ભગવાને તો વીતરાગભાવનું સેવન કરીને રાગને છોડયો તો તેનો ભક્ત પણ એમ જ કરવા માંગે છે. જે ભગવાને કર્યું તેથી વિરુદ્ધ કરે એટલે કે રાગનો આદર કરે તો તેને ભગવાનનો ભક્ત કેમ કહેવાય? માટે ભગવાનના ભક્તની જવાબદારી છે કે તે વીતરાગભાવને જ આદરણીય માને ને રાગના કોઈ અંશને આદરણીય માને નહિ.

આ ભક્તામર–સ્તોત્ર બોલે છે તો ઘણા લોકો, પણ તેમાં વીતરાગતાના કેવા અદ્ભુત ભાવો ભર્યા છે તેને સમજતા નથી. અરે, ચૈતન્યના મહિમા પાસે દેવોની ઋદ્ધિ પણ જ્યાં તુચ્છ છે, ત્યાં તે બહારની ઋદ્ધિ ( પૈસા વગેરે ) ની ભાવનાથી ભક્તમાર બોલે તેને ભગવાનની ભક્તિ કરતાં આવડતી નથી. અરે મૂઢ! વીતરાગની ભક્તિવડે તું સંસારને ઈચ્છે છે? આ વીતરાગની સ્તુતિમાં તો મોક્ષના મંત્રો છે, ભવરોગ મટાડવાના મંત્રો આમાં ભર્યા છે.

સ્તુતિકાર કહે છે सम्यक् प्रणम्य અર્થાત્ સમ્યક્પ્રકારે પ્રણમીને હું આ સ્તુતિ કરીશ; એકલા શબ્દોથી કે એકલા રાગથી નહિ પણ ‘સમ્યક્પ્રકારે’ એટલે વીતરાગભાવનો અંશ પ્રગટ કરીને હે જિનેન્દ્ર! હું આપને સ્તવીશ. સમ્યગ્દર્શન તે ભગવાનનું પરમાર્થ સ્તવન છે. વસ્તુસ્તવ એટલે સર્વજ્ઞદેવના ગુણોનું જેવું સ્વરૂપ છે તેવું લક્ષમાં લેવું તે સર્વજ્ઞની સ્તુતિ છે.

ભગવાન ઋષભદેવ, મુનિ થયા પહેલાં એકવાર અયોધ્યાના રાજદરબારમાં બેઠા હતા. ઇન્દ્ર દેવ–દેવીઓના નૃત્યસહિત ભક્તિ કરતો હતો; એવામાં નીલંજસા નામની એક અપ્સરાનું આયુષ્ય નૃત્ય કરતાં કરતાં જ પૂરું થઈ ગયું ને એકાએક તેનો દેહનો વિલય થઈ ગયો. આવી ક્ષણભંગુરતા જોતાં જ ભગવાન સંસારથી વૈરાગ્ય પામ્યા ને સ્વયં દીક્ષિત થઈને કેવળજ્ઞાન સાધ્યું. પછી સમવસરણમાં એમના દિવ્યધ્વનિવડે ધર્મની ‘આદિ’ થઈ, અનેક જીવો ધર્મ પામ્યા ને મોક્ષગતિ પણ શરૂ થઈ ગઈ. પહેલાં તો આ ભરતક્ષેત્રમાં અસંખ્યવર્ષો સુધી જુગલીયા જીવો અહીંથી મરીને એક દેવગતિમાં જ જતા; પણ જ્યાં તીર્થંકર ભગવાનની ધ્વનિના દિવ્યધોધ ચાલુ થયા ત્યાં ધર્મ પામીને જીવોનું મોક્ષમાં જવાનું પણ શરૂ થઈ ગયું, તેમજ ધર્મનો વિરોધ કરનાર જીવો નરકમાં પણ જવા લાગ્યા. આ રીતે મોક્ષગતિ અને નરકગતિ બંને ખૂલી ગઈ; પરંતુ ભગવાન તો ધર્મના જ ‘આદિનાથ’ છે, પાપના નહિ. ભગવાનનો ઉપદેશ તો ભવથી તરવાનું જ નિમિત્ત છે, પાપનું નિમિત્ત તે નથી. આથી ભક્ત કહે છે કે હે ભગવાન! જેમ મેડી ઉપર ચડનારને દોરીનો સહારો છે તેમ મોક્ષગમનની

શ્રેણીમાં ચડતાં અમને આપના ચરણની ભક્તિનો સહારો છે. આપની વીતરાગતાનું અને સર્વજ્ઞતાનું બહુમાન અમને ભવમાં ડુબવા દેતું નથી. આપના ચરણનો સહારો લેનારા ભવ્ય જીવો પરભાવમાં ડુબતા બચીને મોક્ષને સાધે છે. મોક્ષમાર્ગ આપે બતાવ્યો છે તેથી આપ જ મોક્ષમાર્ગના નેતા છો, આપ જ મોક્ષમાર્ગે દોરી જનારા છો.

જુઓ તો ખરા, કેવા સુંદર ભાવથી સ્તુતિ કરે છે!

પ્રભો! હું આપની સ્તુતિ કરું છું. આપની સ્તુતિ કોણ ન કરે? મોક્ષના ઈચ્છુક જીવો આપની જ સ્તુતિ કરે છે ને આપના જ માર્ગને આદરે છે. અહા, જગતમાં જેટલા ઉત્તમ જીવો છે તે બધાય આપની જ સ્તુતિ કરે છે.

પ્રશ્નઃ– ભગવાન તો પર દ્રવ્ય છે, સમકિતી વળી પરની સ્તુતિ કરે?

ઉત્તરઃ– ભાઈ, તેં હજી વીતરાગ પરમાત્માના ગુણનો મહિમા જાણ્યો નથી એટલે તને આવો પ્રશ્ન ઊઠે છે. સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે સ્તુતિનો જેવો ભાવ જ્ઞાનીને ઉલ્લસે છે તેવો અજ્ઞાનીને નહિ ઉલ્લસે. ભલે ભગવાન છે તો પરદ્રવ્ય, પણ પોતાનું ઇષ્ટ–સાધ્ય એવી જે વીતરાગતા ને સર્વજ્ઞતા જ્યાં ભગવાનમાં દેખે છે ત્યાં તે ગુણ પ્રત્યેના બહુમાનથી ધર્મીનું હૃદય ઉલ્લસી જાય છે. વીતરાગતાનો જેને પ્રેમ છે તે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને દેખતાં ભક્તિ કરે છે. ભક્તિ વખતે ભલે શુભરાગ છે પણ તેમાં બહુમાન તો વીતરાગસ્વભાવનું જ ઘૂંટાય છે, ને એનું જ નામ વીતરાગની ભક્તિ છે.

ચૈતન્યની અચિંત્યશક્તિ ખીલી તેનો મહિમા શબ્દોથી પૂરો થાય તેમ નથી. સમવસરણમાં ૧૦૦૮ નામોથી ઉત્તમ સ્તુતિ કરીને છેવટે ઇન્દ્ર કહે છે કે હે નાથ! આ શબ્દોથી કે આ વિકલ્પોથી આપની સ્તુતિ પૂરી નહિ થાય. જ્યારે આ વિકલ્પ તોડીને નિર્વિકલ્પપણે સ્વરૂપમાં ઠરશું ને વીતરાગ થાશું ત્યારે આપની સ્તુતિ પૂરી થશે.

અહા, કેવળજ્ઞાનના દિવ્યપ્રકાશ સહિત તીર્થંકરદેવ સમવસરણમાં ગણધરો અને મુનિવરોની સભા વચ્ચે બિરાજતા હોય ને ઇન્દ્ર નમ્રપણે સ્તુતિ કરતા હોય...ત્યારે તો એ દિવ્ય સ્તુતિ સાંભળતાં ત્રણલોકના જીવો મુગ્ધ બનીને થંભી જાય છે, દેવો તો શું, તીર્યંચોના ટોળાં પણ સ્તબ્ધ બની જાય છે કે અરે, આ તો કોણ સ્તુતિ કરનાર! ને ઇન્દ્ર જેવા જેની આવી સ્તુતિ કરે એ ભગવાનનો મહિમા કેટલો? એમ સર્વજ્ઞતાના મહિમામાં ઊંડા ઊતરી જતાં કોઈ કોઈ જીવો તો સમ્યગ્દર્શન પણ પામી જાય છે. અહા, સર્વજ્ઞની સ્તુતિ કોનું મન મુગ્ધ ન કરે? આત્માનું હિત કરવા જે તૈયાર થયો

એવો જીવ ભગવાન સર્વજ્ઞદેવની સ્તુતિ સાંભળે ને એનું ચિત્ત ભક્તિથી ડોલી ન ઊઠે– એમ બને નહિ.

મૃત્યુલોકનું હરણિયું પણ ભગવાનની સ્તુતિ સાંભળવા માટે ઊડીને ચંદ્રલોકમાં ગયું, તો મનુષ્યને ભક્તિનો ઉલ્લાસ ન આવે એ કેમ બને? સૂર્ય–ચંદ્રના જ્યોતિષીદેવોના વિમાનોમાં શાશ્વત રત્નમય જિનબિંબો છે. ચંદ્રમાની અંદર હરણીયા જેવા જે ડાઘ દેખાય છે તે કલંક નથી પણ, તે ચંદ્રલોકમાં દેવો ભગવાનની જે દિવ્યસ્તુતિ કરે છે તે સ્તુતિના ગુણગાન સાંભળવાનું રસીલું હરણીયું અહીંથી ચંદ્રલોકમાં તે ગુણગાન સાંભળવા ગયું છે. વાહ! ભગવાનનો ભક્ત સર્વત્ર ભગવાનનો જ મહિમા દેખે છે; એના હૃદયમાં વીતરાગતાનો મહિમા વસ્યો છે.

માનતુંગસ્વામીએ આ ભક્તામર–સ્ત્રોતમાં ભક્તિનાં પૂર વહાવ્યા છે. ધર્મની આદિ કરનારા એવા આદિનાથ તીર્થંકરની આ સ્તુતિ છે. અંદરમાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર વડે સર્વજ્ઞ– સ્વભાવી આત્માની સેવના તે પરમાર્થ ભક્તિ છે ને બહારમાં સર્વજ્ઞ પરમાત્માને ઓળખીને તેમના પ્રત્યે પ્રમોદ–ભક્તિ–બહુમાનનો ભાવ તે વ્યવહાર–ભક્તિ છે. અહીં માનતુંગ– આચાર્યને પ્રભુભક્તિનો ઉછરંગ આવ્યો છે. અહો, સર્વજ્ઞ જેવો મારો જ્ઞાનસ્વભાવ છે–એવી અનુભૂતિ તો થઈ છેઃ ને સાથે આ ભક્તિનો ભાવ આવ્યો છે. ઉપસર્ગ વખતે જેલમાં બેઠાબેઠા આ સ્તુતિ કરી રહ્યા છે પ્રભો! તારા ભક્તને વળી બંધન કેવા? તારી ભક્તિ કરે ત્યાં ભવનાં બંધન પણ તૂટી જાય. અમારી બુદ્ધિ અને શક્તિ ભલે થોડી હોય પણ ભક્તિભાવ તો પૂરો છે.

પ્રભો! આપે તો મોક્ષનો જ ઉપદેશ આપ્યો છે. ભગવાનનો ખરો ભક્ત મોક્ષ સિવાય બીજા વૈભવને ઈચ્છે નહિ; બહારના વૈભવની અભિલાષાથી ભગવાનનું સેવન કરે તેને અમે ભગવાનનો ખરો ભક્ત કહેતા નથી. રાગને ઈચ્છે તે વીતરાગનો ભક્ત કેમ કહેવાય? અહો, આપની સર્વજ્ઞતાને લક્ષમાં લઈને જેનું ચિત્ત આપની ભક્તિમાં લીન થયું તેને જગતનો ભય હોય નહિ. તારી ભક્તિ કરતાં મારા સર્વજ્ઞ સ્વભાવનું મને ભાન થયું ને તે સ્વભાવનું શરણ લીધું ત્યાં હે નાથ! ક્રૂર કર્મના ઉદયરૂપ સિંહ કે પ્રતિકૂળતાના સંયોગ તેની દોડમાં અમે દબાઈ જવાના નથી, કર્મરૂપી સિંહનો પંજો હવે અમારા ઉપર ચાલવાનો નથી. કોઈ કર્મમાં કે કોઈ સંયોગમાં એવી તાકાત નથી કે મારી ભક્તિને તોડી શકે. પ્રભો! સર્વજ્ઞસ્વભાવની સન્મુખ થઈને આપની ભક્તિ કરતાં કરતાં અમેય આપના જેવા થઈશું.



## સીમંધર ભગવાનઃ બયાના-ભરતપુર.

**સં. ૧૫૦૭માં પ્રતિષ્ઠિત એટલે કે પાંચસો વર્ષથી વધુ પ્રાચીન આ પ્રતિમા બયાના ગામના બડામંદિરની દક્ષિણવેદીમાં બિરાજમાન છે. સફેદ પાક્ષણની આ મનોજ્ઞ પ્રતીમા દોઢ ફૂટની છે.**




ભોપાલ-ઉજ્જૈન વગેરેનો પ્રવાસ કરીને, અને ત્યાં આનંદોલ્લાસપૂર્વક શ્રી જિનેન્દ્ર- ભગવંતોની પ્રતિષ્ઠાના મંગળ કાર્યો કરીને પૂ. ગુરુદેવ ફાગણ સુદ એકમે સોનગઢમાં પધાર્યા છે. તેઓશ્રી સુખશાંતિમા બિરાજે છે, ને બધા કાર્યક્રમો નિયમિત ચાલું છે. સવારના પ્રવચનમાં ફાગણ સુદ બીજથી સમયસાર-કલશ ટીકાનું વાંચન શરૂ થયેલ છે. બપોરના પ્રવચનમાં પરમાત્મપ્રકાશ વંચાય છે. સવારે જિનેન્દ્રપૂજન, સાંજે જિનેન્દ્રભક્તિ, રાત્રે તત્ત્વચર્ચા-વગેરે કાર્યક્રમો પૂર્વવત નિયમિત ચાલે છે. સમયસાર-કલશ ટીકા સોનગઢમાં મળી શકે છે. ( કિંમત રૂા. ૨-૦૦ )

રાજકોટ શહેરમાં શ્રી સમવસરણ મંદિર તથા માનસ્તંભ મંદિરનું કાર્ય ચાલી રહ્યું છે. તેથી પંચકલ્યાણક પ્રતિષ્ઠાનું મંગલમુહૂર્ત વૈશાખ સુદ ૧૨નું છે. આ પ્રસંગે ચૈત્ર સુદ ૧૩ના મંગલ દિને પૂ. ગુરુદેવ રાજકોટ પધારશે ને વૈશાખ સુદ ૧૩ સોનગઢ પધારશે. ત્યારબાદ તુરત વિદ્યાર્થીઓનો શિક્ષણ વર્ગ શરૂ થશે.

જયપુર શહેરમાં આ મહા વદ પાંચમે પં શ્રી ટોડરમલ્લજી-સ્મારક ભવનનું શિલાન્યાસ ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠના સુહસ્તે થયું. આ વિશાળ હોલનું નિર્માણ શ્રી પૂરણચંદજી શેઠ અને ગોધિકા પરિવાર તરફથી થઈ રહ્યું છે. પં. શ્રી ટોડલમલ્લજી પણ ગોધિકા પરિવારના હતા. આ સંબંધથી વિશેષ માહિતી હવે પછી.

સોનગઢમાં -જિનમંદિરની પચીસમી વર્ષગાંઠ આ ફાગણ સુદ બીજે હર્ષોલ્લાસથી ઉજવાઈ હતી.

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટિંગ પ્રેસઃ ભાવનગર